RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 415 Dt. 31-08-2026 Page : 08 Price : Rs 3

આમારી Whatsapp Channel માં
જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

# યુવાનો નશામુક્તિ-રાષ્ટ્રનિર્માણમાં યોગદાન આપે

## વડાપ્રધાન મોદીના 'મન કી બાત'નો ૧૩૭મો એપિસોડઃ જાગૃતિ ફેલાવતું કન્ટેન્ટ બનાવવા અપીલ

નવી દિલ્હી, તા.૩૦

નશામુક્તિ અને ઐતિહાસિક જાણકારી અંગે અપીલ વડાપ્રધાને 'મન કી બાત' કાર્યક્રમને નવા પ્રયાસો સામે લાવવાનું મંચ ગણાવ્યું હતું. તેમણે .બવફફિંફિષુફ.ભજ્ઞળ વેબસાઈટનો ઉલ્લેખ કર્યો, જ્યાં કોઈપણ વર્ષ પસંદ કરીને તે સમયના ભારતના અલગ-અલગ ભાગો પર કોનું શાસન હતું તે સરળતાથી જાણી શકાય છે. આ સાથે તેમણે યુવાનોને 'નશામુક્ત ભારત અભિયાન'ને પ્રોત્સાહન આપવા અને નશામુક્તિ અંગે જાગૃતિ ફેલાવતું કન્ટેન્ટ બનાવવા ખાસ અપીલ કરી હતી.

ઓગસ્ટ મહિનાને દેશભક્તિના રંગોથી ભરેલો ગણાવી પીએમ મોદીએ જણાવ્યું કે 'વંદે માતરમ' ના ૧૫૦ વર્ષ પૂરા થવાથી આ વર્ષ વિશેષ બની ગયું છે. આ વર્ષે ૮ કરોડથી વધુ તિરંગા સેલ્ફી અપલોડ કરવામાં આવી છે અને 'સૂર્યપથ તિરંગા' અંતર્ગત ફિજીથી લઈને સમગ્ર દુનિયામાં શાનથી તિરંગો ફરકાવવામાં આવ્યો છે.

સ્વચ્છતા અંગે વાત કરતા તેમણે જણાવ્યું કે અમરનાથમાં ૪૦૦ મેટ્રિક



ટન કચરાનું પ્રોસેસિંગ કરવામાં આવ્યું છે. યુપીના રામપુરના પટવાઈ ગામના આકાશ અને રોહને 'ક્લીન-અપ પટવાઈ' ટીમ બનાવી યુવાનોના સાથથી ચાર ગંગા ઘાટ અને તળાવોની સફાઈ કરી એક ટનથી વધુ પ્લાસ્ટિક કચરો હટાવ્યો હતો. ખેતી ક્ષેત્રે તેમણે આંધ્રપ્રદેશના કડપાના ખેડૂત વરદરાજનું ઉદાહરણ આપ્યું, જેમણે વધતી માંગને પારખીને ૪ ટન એવોકાડોનું ઉત્પાદન કરી સ્થાનિક બજારમાં સપ્લાય કરી શાનદાર કમાણી કરી.

અંતરિક્ષ ક્ષેત્રે ભારતીય દીકરીઓની ઉડાનનો ઉલ્લેખ કરતા પીએમએ જણાવ્યું કે ભારતના 'મિશન શક્તિસેટ' મારફતે ૧૦૮ દેશોની ૧૨ હજાર વિદ્યાર્થિનીઓને સેટેલાઈટ ટેકનોલોજી અને ઈનોવેશન શીખવાની તક મળી રહી છે. ૨૩ ઓગસ્ટે 'નેશનલ સ્પેસ ડે' નિમિત્તે ગ્રેટર નોઈડામાં આની સુંદર ઝલક જોવા મળી હતી. સિનેમા અંગે વાત કરતા તેમણે મહાન અભિનેતા ઉત્તમ કુમારની ૩ સપ્ટેમ્બરે આવતી જન્મ શતાબ્દીની યાદ અપાવી અને જણાવ્યું કે શરૂઆતી નિષ્ફળતાઓ છતાં તેમણે હાર માની ન હતી. સત્યજીત રેએ ફિલ્મ 'નાયક'ની સ્ક્રિપ્ટ તેમને ધ્યાનમાં રાખીને જ લખી હતી.

### અગાઉના એપિસોડની મુખ્ય ઝલક

યુવા અને વિજ્ઞાનઃ સાયન્સ ઓલિમ્પિયાડમાં ભારતીય વિદ્યાર્થીઓના ઉત્કૃષ્ટ પ્રદર્શનની પ્રશંસા કરી. દેશભરમાં વધી રહેલી એસ્ટ્રોનોમી ક્લબ્સ (જેમ કે બેંગલુરુ એસ્ટ્રોનોમિકલ સોસાયટી) અંગે ખુશી વ્યક્ત કરી.ઈકો-ફ્રેન્ડલી ગણેશોત્સવઃ પીઓપી (ઙઘઙ) ની મૂર્તિઓ ન ખરીદવા અને સ્થાનિક કલાકારો તેમજ કુંભારો દ્વારા માત્ર માટીમાંથી જ બનાવેલી ગણેશ પ્રતિમા સ્થાપિત કરવા અનુરોધ કર્યો. વસ્તી ગણતરી અભિયાનઃ દુનિયાની સૌથી મોટી વસ્તી ગણતરી ભારતમાં ચાલી રહી છે, જેનો અનુભવ આ વખતે અગાઉ કરતા સાવ અલગ હશે.વૈશ્વિક પડકારો વચ્ચે ભારતઃ અમેરિકા-ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધ અને તેનાથી સર્જાયેલા પેટ્રોલ-ડીઝલના વૈશ્વિક સંકટ છતાં ભારત આ પડકારોનો મજબૂતીથી સામનો કરી રહ્યું હોવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો.

## રશિયાનો વધુ પાંચ સ્ક્વોડ્રનનો પ્રસ્તાવ અને મજબૂત થતું હવાઈ સુરક્ષા કવચ

# ભારતને મળશે S-400 ટેકનોલોજી

નવી દિલ્હી, તા.૩૦

૫૦,૦૦૦ કરોડથી વધુનો નવો રક્ષા પ્રસ્તાવ રશિયાએ ભારતીય વાયુસેના (IAF) માટે લોંગ-રેન્જ એર ડિફેન્સ સિસ્ટમ S-400 'સુદર્શન' ના વધુ પાંચ સ્ક્વોડ્રન પૂરા પાડવા માટે સંરક્ષણ મંત્રાલયને પોતાનો વિસ્તૃત પ્રસ્તાવ સોંપી દીધો છે. સંરક્ષણ ક્ષેત્રના સૂત્રો મુજબ, આ પ્રોજેક્ટ અંદાજે ₹૫૦,૦૦૦ કરોડથી વધુનો હોવાની શક્યતા છે. મે ૨૦૨૫માં હાથ ધરાયેલા 'ઓપરેશન સિંદૂર'માં આ સિસ્ટમ એક ગેમ-ચેન્જર સાબિત થયા બાદ આ મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. આ ઓપરેશનમાં S-400 સિસ્ટમે પાકિસ્તાનના અનેક સર્વેલન્સ અને ફાઈટર એરક્રાફ્ટ તોડી પાડ્યા હતા અને શંકાસ્પદ વિમાનોને ભારતીય સરહદથી ૨૦૦ કિલોમીટર દૂર જ રોકી દીધા હતા.

ભારતે અગાઉ વર્ષ ૨૦૧૮માં ૫ સ્ક્વોડ્રન માટે ૫.૪૩ બિલિયન (અંદાજે ₹૪૦,૦૦૦ કરોડથી વધુ) ની ડીલ કરી હતી. તેમાંથી ત્રણ સ્ક્વોડ્રન ભારતીય સેનામાં સામેલ થઈ ચૂક્યા છે, જે હાલમાં પંજાબ-




જમ્મુ, રાજસ્થાન-ગુજરાત અને સિક્કિમ સેક્ટરમાં તૈનાત રહીને દેશને અતૂટ સુરક્ષા કવચ પૂરું પાડી રહ્યા છે. હાલમાં ચોથું સ્ક્વોડ્રન દરિયાઈ માર્ગે ભારત આવવા રવાના થઈ ચૂક્યું છે, જ્યારે પ્રથમ કરારનું પાંચમું અને છેલ્લું સ્ક્વોડ્રન નવેમ્બર ૨૦૨૬ સુધીમાં ભારત પહોંચવાની ધારણા છે.

આગામી પાંચ સ્ક્વોડ્રનના પ્રસ્તાવને માર્ચ ૨૦૨૬માં સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહની અધ્યક્ષતાવાળી 'ડિફેન્સ એક્વિઝિશન કાઉન્સિલ' (DAC) દ્વારા લીલી ઝંડી આપવામાં આવી હતી. આ એક 'ફોલો-ઓન' ઓર્ડર હોવાથી તેના પર અમેરિકાના કાટસા (CAATSA) પ્રતિબંધો લાગુ પડશે નહીં, કારણ કે ૨૦૧૮ની મૂળ ડીલ વખતે જ તેમાંથી છૂટ મેળવી લેવાઈ હતી. નવા યુનિટ્સને પૂર્વ અને પશ્ચિમ બંને મોરચે તૈનાત કરવામાં આવશે, જે ભારતના સ્વદેશી 'પ્રોજેક્ટ કુશા' સાથે મળીને મલ્ટી-લેયર્ડ એર ડિફેન્સ નેટવર્કને વધુ શક્તિશાળી બનાવશે.

આ સાથે જ, ભારતીય વાયુસેના ₹૧૦,૦૦૦ કરોડના ખર્ચે વધારાના મિસાઈલ ડિફેન્સ ઈન્ટરસેપ્ટર્સ ખરીદવાની પ્રક્રિયા પણ ચલાવી રહી છે. ભવિષ્યમાં તમામ ૧૦ સ્ક્વોડ્રન તૈનાત થયા બાદ ભારતનું એરસ્પેસ આધુનિક ડ્રોન, ૪.૫ જનરેશન ફાઈટર જેટ્સ અને બેલિસ્ટિક મિસાઈલોના કોઈપણ હુમલા સામે સંપૂર્ણપણે અભેદ્ય બની જશે.

## પંજાબના લુધિયાણામાં દુકાન પર લગાવેલા ચાઈનીઝ કેમેરાથી પાકિસ્તાનને LIVE ફીડથી જાસુસી પકડાઈ

# ભારતમાં જાસૂસી નેટવર્કનો પર્દાફાશ

નવી દિલ્હી, તા.૩૦

પંજાબના લુધિયાણામાં પાકિસ્તાની ગુપ્તચર એજન્સી ISI માટે જાસૂસી કરવાના આરોપમાં ૨૨ વર્ષના એક દુકાનદારની ધરપકડ કરવામાં આવી છે. આરોપી બજારમાં જૂતાની દુકાન ચલાવતો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, તે દુકાનની આડમાં રહીને શહેરની તમામ હિલચાલ અને પ્રવૃત્તિઓની માહિતી પાકિસ્તાન મોકલતો હતો.

આરોપીએ દુકાનની બહાર લગાવેલા મેડ ઈન ચાઈના સીસીટીવી કેમેરાનું લાઈવ ફીડ પાકિસ્તાની એજન્સીઓ સુધી પહોંચાડવામાં આવી રહ્યું હતું. પોલીસને મળેલી બાતમીના આધારે છટકું ગોઠવીને તેને ઝડપી પાડવામાં આવ્યો હતો. તપાસમાં એ પણ સામે આવ્યું છે કે તે અલગ-અલગ મોબાઈલ નંબરો પરથી ધમકીઓ પણ આપતો હતો.

પોલીસને આશંકા છે કે આ જાસૂસી પાછળ પાકિસ્તાની એજન્સીઓનું લુધિયાણામાં કોઈ મોટી ઘટનાને અંજામ આપવાનું ષડયંત્ર



હતું. આ સાથે જ સૈન્ય ગતિવિધિઓ સાથે જોડાયેલી મહત્વપૂર્ણ માહિતી પણ આ નેટવર્ક સુધી પહોંચાડવામાં આવી રહી હતી.

કાઉન્ટર ઈન્ટેલિજન્સના AIG સિમરત પાલ સિંહ ઢીંડસાના જણાવ્યા મુજબ, પૂછપરછ દરમિયાન આરોપીએ કબૂલાત કરી હતી કે પાકિસ્તાનમાં બેઠેલા હેન્ડલર્સના કહેવા પર તેણે લુધિયાણા-ફિરોઝપુર રોડ પર દુકાન ભાડે રાખી હતી. આ દુકાન બદ્ધોવાલ એમ્યુનિશન (દારૂગોળા) ડેપોથી આશરે ૬ કિલોમીટર દૂર હતી. આ દુકાન માટે તે દર મહિને ૪૦ હજાર રૂપિયા ભાડું ચૂકવતો હતો.

આરોપીએ દુકાનની બહાર ચીન નિર્મિત ૨ સીસીટીવી કેમેરા એવી રીતે ગોઠવ્યા હતા કે જેથી તેનું મુખ સીધું રસ્તા તરફ રહે. આ કેમેરાનું લાઈવ ફૂટેજ પાકિસ્તાનમાં બેઠેલા હેન્ડલર્સ સીધું જોઈ શકતા હતા. પોલીસના જણાવ્યા પ્રમાણે, આરોપીને આ કામ માટે પાકિસ્તાન સ્થિત હેન્ડલર્સ તરફથી આશરે ૩ લાખ રૂપિયા મળ્યા હતા.

પોલીસના જણાવ્યા અનુસાર, આરોપીએ ફિરોઝપુર રોડ પર ઓલ્ડ ઓક્ટ્રોય પોસ્ટ નજીક દુકાન ભાડે લીધી હતી. જોકે, દુકાન ખોલ્યા બાદ ત્યાં કોઈ ખાસ વેપાર થતો નહોતો. દુકાનની બહાર લગાવેલા સીસીટીવી કેમેરાની દિશા અને આરોપીની શંકાસ્પદ ગતિવિધિઓને કારણે પોલીસને તેના પર વહેમ ગયો હતો.

ત્યારબાદ ૨૭ ઓગસ્ટે મળેલી ચોક્કસ બાતમીના આધારે લુધિયાણા કમિશ્નરેટ પોલીસ અને કાઉન્ટર ઈન્ટેલિજન્સ લુધિયાણાની ટીમે સંયુક્ત કાર્યવાહી કરીને રછપાલ સિંહની ધરપકડ કરી હતી.

# FIRની માંગ કરનાર રાહુલ ગાંધી સામે જ ફરિયાદ

## ઉત્તરાખંડના હલ્દ્વાની જિલ્લામાં શ્રી રામ સેનાના અમિત કુમારે નોંધાવી FIR

નવી દિલ્હી, તા.૩૦

ઉત્તરાખંડના હલ્દ્વાની જિલ્લામાં શ્રી રામ સેનાના અમિત કુમારે ૩૦ ઓગસ્ટે લોકસભામાં વિરોધ પક્ષના નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધી સામે કોતવાલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. અમિત કુમારે આરોપ લગાવ્યો છે કે રાહુલ ગાંધીએ તેમના વિરુદ્ધ જાતિસૂચક શબ્દોનો ઉપયોગ કર્યો છે, તેથી રાહુલ ગાંધી સામે FIR દાખલ થવી જોઈએ. રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે, શુદ્ધિકરણ કરવું એ SC/ST એક્ટ હેઠળ ગુનાહિત કૃત્ય છે અને જેમણે પણ આવું કર્યું છે તેમની સામે તાત્કાલિક FIR થવી જોઈએ.

હલ્દ્વાની જિલ્લા પોલીસનું કહેવું છે કે, આ મામલે હજુ સુધી કોઈ FIR દાખલ કરવામાં આવી નથી. હાલમાં પોલીસ શ્રી રામ સેનાના અમિત કુમાર દ્વારા આપવામાં આવેલી ફરિયાદની તપાસ કરી રહી છે.

આ સમગ્ર વિવાદ ત્યારે શરૂ



થયો જ્યારે કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે ની રેલી પૂર્ણ થયા બાદ શ્રી રામ સેનાના સભ્યોએ તે જગ્યાએ શુદ્ધિકરણ હવન કર્યો હતો. આ ઘટના સામે આવ્યા બાદ લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ આ મામલે FIR નોંધવાની માંગ કરી હતી.

શુદ્ધિકરણ વિવાદ અંગે શ્રી રામ સેના ધર્માર્થ સેવા ન્યાસના સભ્ય વિનોદ આર્યએ (જેમણે શુદ્ધિકરણ કરાવ્યું હતું) જણાવ્યું કે સનાતન પરંપરાના અનુયાયી તરીકે, જ્યાં ભગવાન શ્રી રામની પૂજા થાય છે અને ધાર્મિક કાર્યક્રમો યોજાય છે તે સ્થળની સ્વચ્છતા સુનિશ્ચિત કરવી મારો પ્રાથમિક અધિકાર અને ફરજ છે. તેઓ પોતે દલિત સમાજમાંથી આવે છે અને આ કાર્યક્રમ દરમિયાન તેમની સાથે દલિત સમુદાયના અન્ય ભાઈઓ પણ સામેલ હતા.

આર્યએ વધુમાં જણાવ્યું કે તેમણે કોઈ ખોટું કામ કર્યું નથી. તેઓ દલિત હોવા છતાં રાહુલ ગાંધી તેમની સામે કાનૂની કાર્યવાહી અને કેસ નોંધવાની માંગ કરી રહ્યા છે. જેથી તેઓ રાહુલ ગાંધી વિરુદ્ધ FIR દાખલ કરવા માગે છે, કારણ કે તેમના પર ખોટું દબાણ ઊભું કરવામાં આવી રહ્યું છે અને ધરપકડની માંગ થઈ રહી છે.

### રાહુલ ગાંધીએ શું નિવેદન આપ્યું હતું?

લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ ૨૯ ઓગસ્ટે કહ્યું હતું કે, શુદ્ધિકરણ કરવું એ ગુનો છે. ૧૦ ઓગસ્ટે શુદ્ધિકરણ કરવામાં આવ્યું અને ૧૩ ઓગસ્ટે ખડગેજીએ ગૃહમાં જણાવ્યું કે તેમનું અપમાન થયું છે, છતાં અત્યાર સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. જેમણે પણ આ કૃત્ય કર્યું છે તેમની સામે વહેલી તકે ત્નઈછ થવી જોઈએ, કારણ કે આ બાબત SC/ST એક્ટનું ઉલ્લંઘન છે.

## ગુજરાત-સમરકંદ ભાગીદારી સહિત ૫ મોટી યોજનાઓની પણ જાહેરાત

# ભારત-ઉઝબેકિસ્તાન વચ્ચે ૧૧ સમજૂતી

નવી દિલ્હી, તા.૩૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉઝબેકિસ્તાન મુલાકાત દરમિયાન ભારત અને ઉઝબેકિસ્તાનના સંબંધોને નવી ઊંચાઈ આપતાં બંને દેશોએ પોતાની વ્યૂહાત્મક ભાગીદારીને વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીમાં બદલવાનો નિર્ણય લીધો છે. આ દરમિયાન સંસ્કૃતિ, આયુર્વેદ, ખનિજ સંસાધનો, પર્યટન, શિક્ષણ, પર્યાવરણ, નાણાં અને વૈજ્ઞાનિક સંશોધન સહિત અનેક ક્ષેત્રોમાં સહયોગ વધારવા માટે ૧૧ સમજૂતીઓ અને અન્ય પહેલોની જાહેરાત કરવામાં આવી છે.

ભારત અને ઉઝબેકિસ્તાન વચ્ચે ૨૦૨૬-૩૦ માટે સાંસ્કૃતિક આદાન-પ્રદાન કાર્યક્રમ અંગે સમજૂતી થઈ છે. તેના હેઠળ બંને દેશો વચ્ચે સાંસ્કૃતિક સંપર્ક અને આદાન-પ્રદાનને પ્રોત્સાહન આપવામાં આવશે. ઉઝબેકિસ્તાનના ટર્મેઝ વિસ્તારમાં આવેલા પ્રાચીન બૌદ્ધ સ્થળો ફયાઝ ટીપા અને કરા ટીપાના સંરક્ષણ અને પુનઃસ્થાપન માટે ભારત સહયોગ કરશે. આ માટે ભારતના વિદેશ મંત્રાલય અને ઉઝબેકિસ્તાનની સાંસ્કૃતિક વારસા એજન્સી વચ્ચે લેટર ઑફ ઈન્ટેન્ટ થયો છે.

ભારત અને ઉઝબેકિસ્તાનના રાષ્ટ્રીય અભિલેખાગાર વચ્ચે અભિલેખીય કાર્યના ક્ષેત્રમાં સહયોગ માટે સમજૂતી થઈ છે. આયુર્વેદ અને પરંપરાગત ચિકિત્સાની અન્ય પદ્ધતિઓના ક્ષેત્રમાં સહયોગ વધારવા માટે ભારત અને ઉઝબેકિસ્તાન વચ્ચે ખજ્ઞઞ કરવામાં આવ્યું છે.ભારતના ખાણ મંત્રાલય અને ઉઝબેકિસ્તાનના ખનન ઉદ્યોગ તથા ભૂવિજ્ઞાન મંત્રાલય વચ્ચે ભૂવિજ્ઞાન અને ખનિજ સંસાધનોના ક્ષેત્રમાં સહયોગ અંગે સમજૂતી થઈ છે.૨૦૨૬-૨૮ માટે ભારતના પર્યટન મંત્રાલય અને ઉઝબેકિસ્તાનની પર્યટન સમિતિ વચ્ચે ભાગીદારી કાર્યક્રમ શરૂ કરવા અંગે સહમતી થઈ છે. ભારતના સુષમા સ્વરાજ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ફોરેન



સર્વિસ અને ઉઝબેકિસ્તાનની ડિપ્લોમેટિક એકેડેમી વચ્ચે સહયોગ અંગે સમજૂતી થઈ છે. બંને દેશોના નાણાં મંત્રાલયો વચ્ચે આર્થિક અને નાણાકીય સંવાદ શરૂ કરવા માટે ખજ્ઞઞ કરવામાં આવ્યું છે. ભારત અને ઉઝબેકિસ્તાને પર્યાવરણ સંરક્ષણના ક્ષેત્રમાં સહયોગ વધારવા અંગે સમજૂતી કરી છે. ઉચ્ચ શિક્ષણ અને વૈજ્ઞાનિક સંશોધન : ઉચ્ચ શિક્ષણ અને વૈજ્ઞાનિક સંશોધનના ક્ષેત્રમાં સહયોગ માટે બંને દેશો વચ્ચે MoU કરવામાં આવ્યું છે. ભારતના ગુજરાત રાજ્ય અને ઉઝબેકિસ્તાનના સમરકંદ ક્ષેત્ર વચ્ચે ભાગીદારી સંબંધો સ્થાપિત કરવા માટે સહયોગ સમજૂતી પર મહોર લાગી છે. ભારતના ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ UPIને ઉઝબેકિસ્તાનમાં વિસ્તાર મળવા જઈ રહ્યો છે. NIPL અને ઉઝબેકિસ્તાનના NIPC વચ્ચે થયેલી વાણિજ્યિક સમજૂતી હેઠળ ભારતીય ઞઙઈં એપથી ઉઝબેકિસ્તાનના રાષ્ટ્રીય ચછ કોડ ઞણચછને સ્કેન કરીને વેપારી ચુકવણી કરી શકાશે.

### બંને દેશ વચ્ચે ૫ જાહેરાતો

૧ વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી : ભારત-ઉઝબેકિસ્તાનના સંબંધોને વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીમાં બદલવાની જાહેરાત કરવામાં આવી છે. ૨ અરલ સાગર વિસ્તારમાં વનીકરણ : અરલ સાગર વિસ્તારમાં વનીકરણ માટે ભારત તરફથી ૧૦ લાખ અમેરિકી ડોલરની ગ્રાન્ટ આપવાની જાહેરાત કરવામાં આવી છે. ૩ ૧૦૦ હિન્દી ભાષા સ્કોલરશિપ : હિન્દી ભાષા માટે લાલ બહાદુર શાસ્ત્રી સ્કોલરશિપ હેઠળ ૧૦૦ સ્કોલરશિપ આપવાની જાહેરાત કરવામાં આવી છે. ૪ ICCR સંસ્કૃત ચેર : તાશકંદ સ્ટેટ યુનિવર્સિટી ઑફ ઓરિએન્ટલ સ્ટડીઝમાં ICCR સંસ્કૃત ચેર સ્થાપિત કરવાની જાહેરાત કરવામાં આવી છે. ૫ ઉઝબેકિસ્તાનમાં UPIથી ચુકવણી : ભારતના ડિજિટલ પેમેન્ટ સિસ્ટમ UPIને ઉઝબેકિસ્તાનમાં વિસ્તરણ મળશે. ભારતની UPI એપથી ઉઝબેકિસ્તાનના રાષ્ટ્રીય ચછ કોડ UZQRને સ્કેન કરીને વેપારી ચુકવણી કરી શકાશે. આ માટે NPCI International Payments Limited (NIPL) અને ઉઝબેકિસ્તાનના National Interbank Processing Centre (NIPC) વચ્ચે વાણિજ્યિક સમજૂતી થઈ છે.









### ઈન્કમ ટેક્સ ગુજરાતને ૫-૧ ગોલથી હરાવીને એમ.પી. એકેડમી બની ચેમ્પિયન

# ઈન્કમ ટેક્સ ગુજરાત ગોલ્ડ કપ હોકી ટુર્નામેન્ટનું સમાપન

રાજકોટ, તા.૩૦

ફાઇનલ અને ત્રીજા સ્થાન માટેના રોમાંચક મુકાબલા રાજકોટ ખાતે આયોજિત ઓલ ઈન્ડિયા નેશનલ લેવલ હોકી ટુર્નામેન્ટ 'ઈન્કમ ટેક્સ ગુજરાત ગોલ્ડ કપ' નો આજે રોમાંચક ફાઈનલ મુકાબલા સાથે ભવ્ય સમાપન થયો છે. દેશભરમાંથી આવેલી પ્રતિષ્ઠિત ટીમો વચ્ચે રમાયેલી આ ટુર્નામેન્ટની બહુપ્રતીક્ષિત ફાઇનલ મેચ ઈન્કમ ટેક્સ ગુજરાત અને એમ.પી. એકેડમી (ખ.ડ. અભફમયળુ) વચ્ચે રમાઈ હતી. આ જોરદાર ટક્કરમાં એમ.પી. એકેડમીએ ઉત્કૃષ્ટ રમતનું પ્રદર્શન કરી ઈન્કમ ટેક્સ ગુજરાતને ૫-૧ ગોલથી હરાવીને ચેમ્પિયનનો ખિતાબ પોતાના નામે કર્યો હતો. આ અગાઉ ત્રીજા સ્થાન માટે રમાયેલી મેચમાં એ.એસ.એફ. કુર્ગ (અજ્ઞઈજ્ઞઝલિ) અને બિહારની આર.કે. રોય એકેડમી (છ.ઊં. ઇંજ્ઞુ અભફમયળુ) વચ્ચે મુકાબલો થયો હતો, જેમાં એ.એસ.એફ. કુર્ગે ૯-૧ ના મોટા અંતરથી શાનદાર જીત મેળવી ત્રીજું સ્થાન પ્રાપ્ત કર્યુ હતું.

ફાઇનલ મેચમાં પોતાના શાનદાર પ્રદર્શન માટે એમ.પી. એકેડમીના વિશ્વેશ ઠાકુરને 'મેન ઓફ ધ મેચ' નો એવોર્ડ આપવામાં આવ્યો હતો. આ ઉપરાંત સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન વ્યક્તિગત શ્રેણીમાં જબરદસ્ત પ્રદર્શન કરનાર ખેલાડીઓને પણ વિશેષરૂપે પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. જેમાં કોનેન દાદને 'પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ' નો પ્રતિષ્ઠિત એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. ઈન્કમ ટેક્સ ગુજરાતની ટીમના નરેશ ચૌધરીએ 'બેસ્ટ ગોલકીપર' નો ખિતાબ પોતાના નામે કર્યો હતો, જ્યારે કરણ ગૌતમને 'બેસ્ટ ફોરવર્ડ પ્લેયર' ના એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ ભવ્ય ફાઈનલ મેચ અને પુરસ્કાર વિતરણ સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે એડિશનલ કમિશનર ઓફ ઈન્કમ ટેક્સ મમતા મીના અને એડિશનલ કમિશનર ઓફ ઈન્કમ ટેક્સ અરવિંદ કુમાર મિશ્રા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ મહાનુભાવોના હસ્તે વિજેતા ટીમો અને ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર ખેલાડીઓને ટ્રોફી તથા પુરસ્કારો એનાયત કરવામાં આવ્યા હતા. આ રાષ્ટ્રીય કક્ષાની ટુર્નામેન્ટે દેશના વિવિધ વિસ્તારોમાંથી આવેલા પ્રતિભાશાળી હોકી ખેલાડીઓને પોતાની ખેલદિલી, શિસ્ત અને ટીમવર્ક પ્રદર્શિત કરવા માટે એક અત્યંત સફળ અને યાદગાર મંચ પૂરું પાડ્યું હતું.

# પાતળા હોવું એ સ્વસ્થ હોવાની એકમાત્ર નિશાની નથી!

### જાંઘના સ્નાયુઓ શા માટે આટલા મહત્વપૂર્ણ ? : પગની જાડાઈ કે પાતળાપણું સ્વાસ્થ્ય સાથે જોડાયેલું હોઈ શકે, પરંતુ માત્ર જાડી કે પાતળી જાંઘ હોવી એ સ્વાસ્થ્યની નિશાની નથી



રાજકોટ, તા. ૩૦

સ્વસ્થ રહેવું એ ફક્ત પાતળા કે જાડા હોવાનો અર્થ નથી. તમારા શરીરના સ્નાયુઓ પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. શારીરિક પ્રવૃત્તિ, શક્તિ, આહાર, ઉંમર અને અન્ય ઘણા પરિબળો સ્વાસ્થ્યને અસર કરે છે. સરળ શબ્દોમાં કહીએ તો, તમારી જાંઘનું કદ, અને ખાસ કરીને તેમની અંદરના સ્નાયુઓની મજબૂતાઈ, તમારા સ્વાસ્થ્ય સાથે સંકળાયેલી હોઈ શકે છે. જો કે, જાંઘનું કદ, અથવા તમારી જાંઘ જાડી છે કે પાતળી, ફક્ત વ્યક્તિના આયુષ્ય અથવા દીર્ઘાયુષ્યની આગાહી કરી શકતી નથી. ડો. સૌરભ સેઠી (ગેસ્ટ્રોએન્ટેરોલોજિસ્ટ, પેટ અને યકૃત નિષ્ણાત, કેલિફોર્નિયા) સ્વસ્થ શરીરને જાળવવામાં પગના સ્નાયુઓની મહત્વપૂર્ણ ભૂમિકા અને તમારા જાંઘના સ્નાયુઓને કેવી રીતે મજબૂત બનાવવું તે સમજાવે છે.

ઘણા અભ્યાસોમાં જાણવા મળ્યું છે કે જે લોકો જાંઘનો ઘેરાવો ઓછો હોય છે, અથવા ઓછી ચરબી હોય છે, તેમને હૃદય રોગનું જોખમ વધારે હોય છે અને અકાળ મૃત્યુનું જોખમ વધારે હોય છે. જો કે, આનો અર્થ એ નથી કે પાતળા જાંઘ સ્વાસ્થ્યની નિશાની છે અથવા સ્થૂળતા તમારા સ્વાસ્થ્ય માટે સારી છે. મુખ્ય પરિબળ તમારા જાંઘના સ્નાયુઓની સ્થિતિ છે. મજબૂત સ્નાયુઓ રાખવાથી તમારા શરીરને ઘણા રોગોથી બચાવવામાં મદદ મળી શકે છે. જાંઘમાં મોટા અને ખૂબ જ મહત્વપૂર્ણ સ્નાયુઓ હોય છે. મજબૂત સ્નાયુઓ શરીરને ગ્લુકોઝ અને ઊર્જાનો કાર્યક્ષમ રીતે ઉપયોગ કરવામાં મદદ કરે છે. તેથી, સ્નાયુઓનું પ્રમાણ અને શક્તિ ફક્ત શરીરની ચરબી કરતાં વધુ મહત્વપૂર્ણ છે.

મજબૂત સ્નાયુઓ શરીરને રક્ત ખાંડનો ઉપયોગ કરવામાં મદદ કરે છે. આ ઇન્સ્યુલિન સંવેદનશીલતા સુધારવામાં અને ચયાપચય સ્વાસ્થ્યને ટેકો આપવા માટે મદદ કરી શકે છે. પગ અને જાંઘના સ્નાયુઓનો નિયમિત ઉપયોગ શારીરિક પ્રવૃત્તિમાં વધારો કરે છે. દૈનિક શારીરિક પ્રવૃત્તિ વજન, રક્ત ખાંડ, બ્લડ પ્રેશર અને હૃદયના સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે. તમારા પગની જાડાઈ અથવા પાતળાપણું સ્વાસ્થ્ય સાથે જોડી શકાય છે. પરંતુ જાંઘ જાંઘ જાડું કે પાતળું હોવું એ સ્વાસ્થ્યની એકમાત્ર નિશાની નથી. જાંઘના સ્નાયુઓને મજબૂત બનાવવું એ પણ વધુ મહત્વપૂર્ણ છે.

### જાંઘના સ્નાયુઓને કેવી રીતે મજબૂત રાખવા

- આ માટે મજબૂત કસરત જરૂરી નથી. દૈનિક શારીરિક પ્રવૃત્તિ પણ મદદ કરી શકે છે, જેમ કે
- સીડી ચઢવી
- ચઢાવ પર ચાલવું
- શરીરના વજનવાળા સ્ક્વોટ્સ કરવા
- તમારા હાથનો ઉપયોગ કર્યા વિના વારંવાર ખુરશી પરથી ઉપર અને નીચે જવું
- નિયમિત ચાલવું

# સ્વાઈન ફ્લૂ પણ દેશભરમાં ફેલાઈ શકે?

### H1N1ના કેસોની વધતી સંખ્યાને કારણે લોકો તુલના કોરોનાવાયરસ સાથે કરી રહ્યા છે

રાજકોટ, તા.૩૦

દિલ્હીમાં H1N1 ઈન્ફ્લ્યુએન્ઝાના કેસોમાં વધારો થવાથી જનતા અને રાજ્ય સરકારમાં ચિંતા વધી છે. અહેવાલો અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં ૧૬૬ નવા કેસ નોંધાયા છે. આ નવીનતમ અપડેટ સાથે, દર્દીઓની સંખ્યા ૨,૬૧૨ થઈ ગઈ છે. ઈન્ફ્લ્યુએન્ઝા-અ ના કેસ પણ નોંધાઈ રહ્યા છે, જે કુલ કેસ લગભગ ૩,૩૦૦ પર પહોંચી ગયા છે. દિલ્હી સરકાર જણાવી રહી છે કે લોકોને ગભરાવાની કોઈ જરૂર નથી. સરકાર અને આરોગ્ય વિભાગ સંપૂર્ણ રીતે તૈયાર છે. હોસ્પિટલોમાં ડોકટરો, નર્સિંગ સ્ટાફ, લેબ ટેકનિશિયન, દવાઓ, ઓક્સિજન, બેડ અને પરીક્ષણ સુવિધાઓ ઉપલબ્ધ છે. ઇં૧ગ૧ ના કેસોમાં વધારા સાથે, લોકો માટે એ વિચારવું સ્વાભાવિક છે કે શું તે, COVID-૧૯ ની જેમ, સમગ્ર દેશમાં ફેલાઈ રહ્યો છે. આ સમયે બંનેની તુલના કરવી અયોગ્ય છે. ઇં૧ગ૧ એ કોઈ નવો વાયરસ નથી. યશોદા હોસ્પિટલના આંતરિક દવા વિભાગના એસોસિયેટ ડિરેક્ટર ડો. વિનય ભટ્ટે સમજાવ્યું કે તે એક ઈન્ફ્લ્યુએન્ઝા વાયરસ છે, અને તેના કેસ સમયાંતરે વધી રહ્યા છે. તેઓ




કહે છે કે કેસોમાં વધારો થવાને તાત્કાલિક COVID-૧૯ ની પરિસ્થિતિ માની લેવું યોગ્ય નથી. ઇં૧ગ૧ એક ચેપગ્રસ્ત વ્યક્તિથી બીજામાં સરળતાથી ફેલાઈ શકે છે, ખાસ કરીને જ્યારે લોકો લાંબા સમય સુધી નજીકમાં હોય છે. ભીડવાળી જગ્યાઓ અને બંધ ઓરડાઓ ફેલાવાની શક્યતા વધુ હોય છે. આ જ કારણ છે કે ચોક્કસ સમયે ચોક્કસ વિસ્તાર અથવા શહેરમાં કેસ વધતા દેખાઈ શકે છે.

મોટાભાગના લોકો માટે, H1N1 ફ્લૂની જેમ વર્તે છે અને થોડા દિવસોમાં રાહત સાથે દૂર થઈ જાય છે. જો કે, દરેક દર્દી માટે જોખમ બદલાય છે. વૃદ્ધો, નાના બાળકો, સગર્ભા સ્ત્રીઓ અને પહેલાથી જ અસ્થમા, COPD અથવા અન્ય ગંભીર બીમારીઓ ધરાવતા લોકોમાં ચેપ વધુ ગંભીર હોઈ શકે છે. આ દર્દીઓને ફેફસાના ચેપ અને ન્યુમોનિયાનું જોખમ રહેલું છે. જો તાવ ચાલુ રહે, ખાંસી વધુ ખરાબ થાય, અથવા દર્દીને શ્વાસ લેવામાં તકલીફ થઈ રહી હોય, તો કોઈએ એવું ન માની લેવું જોઈએ કે તે સામાન્ય ફ્લૂ છે અને ઘરે રાહ જોવી જોઈએ નહીં. શ્વાસ લેવામાં તકલીફ, છાતીમાં દુખાવો અથવા ઓક્સિજનના સ્તરમાં ઘટાડો ખાસ કરીને ચિંતાજનક છે.

ફ્લૂ રસીકરણ ઇં૧ગ૧ ને રોકવામાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે, ખાસ કરીને વૃદ્ધો, સગર્ભા સ્ત્રીઓ અને પહેલાથી જ તબીબી પરિસ્થિતિઓ ધરાવતા ઉચ્ચ જોખમ ધરાવતા દર્દીઓ માટે. સમયસર રસીકરણ ઉચ્ચ જોખમ ધરાવતા દર્દીઓમાં ગંભીર ગૂંચવણો અને હોસ્પિટલમાં દાખલ થવાનું જોખમ ઘટાડવામાં મદદ કરી શકે છે.

હાલમાં, H1N1 ને રોકવા માટે કંઈપણ કડક કરવાની જરૂર નથી. જો તમે બીમાર હોવ, તો થોડા દિવસો ઘરે રહો અને અન્ય લોકો સાથે સંપર્ક ટાળો. ખાંસી કે છીંક ખાતી વખતે તમારા મોંને ઢાંકો અને તમારા હાથ સાફ રાખો. ખાસ કરીને જો તમારા ઘરમાં કોઈ વૃદ્ધ વ્યક્તિ અથવા ગંભીર બીમારી ધરાવતો વ્યક્તિ હોય, તો તેમની મુલાકાત લેતી વખતે વધુ કાળજી રાખો. ઇં૧ગ૧ ના કેસોની વધતી સંખ્યાને કારણે કેટલાક લોકો તેની તુલના કોરોનાવાયરસ સાથે કરી રહ્યા છે. લોકો આશ્ચર્ય પામી રહ્યા છે કે શું તે ઈંઘટઈંઉ-૧૯ ની જેમ ફેલાશે. ચાલો જાણીએ કે આ વિશે એક ડોક્ટરે શું કહ્યું છે.

# ભૂખ લાગે ત્યારે પેટમાં અવાજ કેમ આવે છે?

### પેટ ખાલી થયાના લગભગ ૯૦ થી ૧૨૦ મિનિટ પછી, પાચનતંત્ર સ્થળાંતરિત મોટર સંકુલને સક્રિય કરી શકે

રાજકોટ , તા. ૩૦

જ્યારે તમારું પેટ ખાલી હોય અથવા તમને ખૂબ ભૂખ લાગી હોય ત્યારે તમે ઘણીવાર પેટમાંથી ગર્જનાનો અવાજ આવતો જોયો હશે. આ અવાજો પાચન પ્રક્રિયાનો એક સામાન્ય ભાગ છે અને ફક્ત ભૂખ લાગી હોય ત્યારે જ નહીં, પણ ગમે ત્યારે થઈ શકે છે. તબીબી રીતે બોર્બોરીગ્મી તરીકે ઓળખાતા, આ અવાજો પેટ અને આંતરડા દ્વારા ગેસ, પ્રવાહી અને પાચન સામગ્રીની હિલચાલને કારણે થાય છે. પાચનમાં વિવિધ તબક્કાઓ હોય છે જે દરમિયાન પેટમાં અવાજો ગમે ત્યારે થઈ શકે છે. જ્યારે તે સામાન્ય રીતે હાનિકારક હોય છે, જો આ સતત પેટમાં અવાજો અન્ય પાચન લક્ષણો સાથે હોય, તો તમારે ડોક્ટરનો સંપર્ક કરવો જોઈએ. પાચનતંત્રમાં ઘણી પ્રક્રિયાઓ પરિચિત ગર્જના અવાજનું કારણ બની શકે છે. ડોક્ટરોએ કેટલાક મુખ્ય કારણો ઓળખ્યા છે.

પેટ ખાલી થયાના લગભગ ૯૦ થી ૧૨૦ મિનિટ પછી, પાચનતંત્ર સ્થળાંતરિત મોટર સંકુલ (MMC) ને સક્રિય કરી શકે છે. આ સમય દરમિયાન થતા સંકોચન ખોરાકના કણો, બેક્ટેરિયા અને મૃત કોષોને પાચનતંત્ર દ્વારા આગળ વધારવામાં મદદ કરે છે. જ્યારે પેટમાં ખોરાકનું પ્રમાણ ઘટે છે, ત્યારે હવા અને પ્રવાહી પણ અવાજોનું કારણ બને છે, જે ભૂખ સાથે સંકળાયેલ સ્પષ્ટ ગર્જના તરફ દોરી શકે છે. જો ખાધા પછી પેટમાં અવાજ ચાલુ રહે, તો આ સ્નાયુઓના સંકોચનને કારણે છે, જેને પેરીસ્ટાલિસિસ કહેવાય છે, જે સતત ખોરાકને પાચનતંત્રમાં ભળે છે અને ખસેડે છે. જ્યારે ભારે ભોજન, પાચક ખોરાક અને હવા આંતરડામાંથી પસાર થાય છે, ત્યારે તે ગડગડાટ અને ગડગડાટના અવાજો ઉત્પન્ન કરી શકે છે. તેથી, ખાધા પછી આ અવાજો સાંભળવા એ ચિંતાનું કારણ નથી.

દિવસભર ગળી ગયેલી હવાનું પ્રમાણ પણ પેટના અવાજોને અસર કરી શકે છે.



ઝડપથી ખાવાથી, ચ્યુઇંગ ગમ ચાવવાથી અથવા સ્ટ્રો દ્વારા પીવાથી વ્યક્તિ વધુ હવા ગળી શકે છે. વધુમાં, આંતરડાના બેક્ટેરિયા દ્વારા કાર્બોહાઈડ્રેટ્સનું કુદરતી આથો પણ ગેસ ઉત્પન્ન કરે છે. જેમ જેમ આ ગેસ પરપોટા આંતરડામાંથી પસાર થાય છે, તેમ તેમ તે શ્રાવ્ય પેટના અવાજોને તીવ્ર બનાવી શકે છે. પાચન તંત્ર અને મગજ એકબીજા સાથે જોડાયેલા છે. આને આંતરડા-મગજ ધરી કહેવામાં આવે છે. ડો. ચૌહાણના મતે, તણાવ અને ચિંતા આંતરડાની પ્રવૃત્તિમાં વધારો કરી શકે છે, જે પાચન પ્રક્રિયાને ઝડપી બનાવે છે. આનાથી પેટમાં ગડગડાટ અને અન્ય અવાજો વધુ શ્રાવ્ય બની શકે છે.

મોટાભાગના કિસ્સાઓમાં, પેટમાં ગડગડાટ એ સામાન્ય પાચન પ્રક્રિયાનો એક ભાગ છે. જોકે, જો પેટમાં સતત ગડગડાટ થવા સાથે પેટમાં તીવ્ર દુખાવો, સતત પેટનું ફૂલવું, ઉબકા આવવું અથવા આંતરડાની આદતોમાં ફેરફાર જેવા લક્ષણો હોય, તો તેને અવગણવું જોઈએ નહીં. કેટલીકવાર, આ લક્ષણો પાચનતંત્રની સમસ્યા સૂચવી શકે છે, જેમ કે પોષક તત્વોનું ખરાબ શોષણ અથવા આંતરડાની ગતિશીલતામાં ખામી.

# ગુજરાતમાં ખેતીની જમીનનો ઘટાડો ચિંતાજનક

## લોકસભામાં રજૂ કરાયેલા લેન્ડ યુઝ સ્ટેટિસ્ટિક્સ આંકડામાં બહાર આવી વિગતો



નવી દિલ્હી, તા.૩૦

ગ્રામીણ કક્ષાએ ખેતી અને પશુપાલન લોકોની જીવાદોરી છે. મોટાભાગના લોકો આના પર જ નિર્ભર હોય છે, પરંતુ ગુજરાતમાં છેલ્લા કેટલાક વર્ષોમાં ખેતીની જમીન સતત ઘટી રહી છે. તેના આંકડા જાણીને ચોંકી જશો. જો કે, આ પાછળના કેટલાક કારણો પણ છે.

અત્યારે વધતી જતી મોંઘવારીમાં શહેરીકરણ અને ઔદ્યોગિકીકરણની દોડમાં ગુજરાતમાં ખેતીની જમીની સતત ઘટી રહી છે. છેલ્લા ૫ વર્ષમાં ગુજરાતમાં ખેતી લાયક જમીન અંદાજે ૨.૨૮ લાખ હેક્ટર કે ૧.૮૩ ટકા ઘટી ગઇ છે. એક બાજુ ખેતીની જમીન ઘટી છે અને બાજુ ખેતીની જમીન વેચનાર ખેડૂતો મજૂરી કરવા મજબૂર થયા છે. ખેતી મોંઘી થતાં ખેડૂતો ખેતીલાયક જમીનો વેચી રહ્યાં છે જેથી ગુજરાતમાં આ સ્થિતિનું નિર્માણ થયું છે.

ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષમાં ૧.૮૩ ટકા ખેતીલાયક જમીન ઘટી છે. લોકસભામાં રજૂ કરાયેલા લેન્ડ યુઝ સ્ટેટિસ્ટિક્સ આંકડામાં આ ચોંકાવનારી વિગત સામે આવી છે. કેન્દ્રીય કૃષિ મંત્રાલયના અહેવાલ મુજબ ગુજરાતમાં ગુજરાતમાં વર્ષ ૨૦૨૧-૨૨ ખેતી લાયક જમીન ૧૨૪.૬૨ લાખ હેક્ટર હતી, જે વર્ષ ૨૦૨૨-૨૩માં ઘટીને ૧૨૩.૬૮ લાખ હેક્ટર થઇ ગઇ. વર્ષ ૨૦૨૩-૨૪માં આ જમીન હજી વધારે ઘટીને ૧૨૩.૧૭ લાખ હેક્ટર થઇ ગઇ, તો વર્ષ ૨૦૨૪-૨૫માં ખેતી લાયક જમી૧૨૨.૩૮ લાખ હેક્ટર થઇ ગઇ. એટલે કે છેલ્લા પાંચ વર્ષમાં ૨.૨૮ લાખ હેક્ટર ખેતી લાયક જમીન ઘટી ગઇ છે.

કેન્દ્રીય કૃષિ મંત્રાલયના સરકારી અહેવાલ મુજબ વર્ષ ૨૦૨૦-૨૧માં રાજ્યમાં ૧૨૪.૬૨ લાખ હેક્ટર ખેતીલાયક જમીન હતી, જે વર્ષ ૨૦૨૪-૨૫ સુધીમાં ઘટીને માત્ર ૧૨૨.૩૮ લાખ હેક્ટર રહી ગઈ છે. જિલ્લાવાર આંકડાઓ પર નજર કરીએ તો સાબરકાંઠામાં સૌથી વધુ ૪૩.૭૨ ટકા અને જામનગરમાં ૪૦.૬૧ ટકા અને વડોદરામાં ૩૮.૧૮ ટકા ખેતીની જમીન ઓછી થઈ છે. જ્યારે અમદાવાદ જિલ્લામાં ૭૧,૭૮૬ હેક્ટર જમીન બિન-ખેતીમાં ફેરવાઈ ગઈ છે.

ખેતીની જમીન ઘટવા પાછળ ઝડપી શહેરીકરણ મુખ્ય જવાબદાર પરિબળ રહ્યું છે. અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરા જેવા મેટ્રો શહેરોની સરહદો સતત વિસ્તરી રહી છે. હાઉસિંગ પ્રોજેક્ટ્સના કારણે ખેડૂતો ઊંચી કિંમતે ખેતીલાયક જમીનો વેચી રહ્યા છે.નકશા ડાઉનલોડ કરવાસરકારી આંકડા મુજબ ગુજરાતના સાબરકાંઠા જિલ્લામાં ખેતી લાયક જમીનમાં સૌથી વધુ ઘટાડો થયો છે. સાબરકાંઠામાં ૪૩.૭૨ ટકા અને જામનગરમાં ૪૦.૬૧ ટકા અને વડોદરામાં ૩૮.૧૮ ટકા ખેતીની જમીન ઓછી થઈ છે. તો અમદાવાદ જિલ્લામાં ૭૧,૭૮૬ હેક્ટર ખેતીની જમીનને બિન ખેતીમાં ફેરવામાં આવી છે.મહત્ત્વનું કારણ એ પણ છે, હવે બિયારણ, ખાતર અને મજૂરીના વધતા ખર્ચ સામે ખેડૂતોને પાકના પોષણક્ષમ ભાવ મળતા નથી. આ જોતાં ખેડૂતોને ખેતી પોષાય તેમ નથી જેથી તેઓ ખેતીલાયક જમીન વેચી રહ્યાં છે. ગુજરાતમાં ખેડૂત પરિવારની સરેરાશ માસિક આવક માત્ર રૂ. ૧૨,૬૩૧ છે જેના કારણે નવી પેઢી ખેતી છોડી અન્ય વ્યવસાય તરફ વળી રહી છે.

ગુજરાત મોડેલમાં ઉદ્યોગોને પ્રાથમિકતા મળતા હાઈવે ટચ ખેતીની જમીનો ફેક્ટરીઓ, સ્પેશિયલ ઈકોનોમિક ઝોન અને લોજિસ્ટિક પાર્કમાં ફેરવાઈ રહી છે. આ ઉપરાંત કચ્છ, સુરત જેવા દરિયાકાંઠાના વિસ્તારોમાં ભૂગર્ભ જમીનમાં ખારાશ વધી રહી છે. રાસાયણિક ખાતરોના અતિશય વપરાશને લીધે પણ હજારો હેક્ટર જમીન બિન-ઉપજાઉ બની છે.નકશા ડાઉનલોડ કરવા

દરિયાઈ ખારાશ અને જમીનનું ધોવાણ : દરિયાઇ ખારાશના કારણે દરિયાકાંઠાના વિસ્તારોમાં ખેતી લાયક જમીનનું પ્રમાણ ઘટ્યું છે. ઉપરાંત પુરના કારણ જમીનનું ધોવાણ થવાથી પણ ખેતી લાયક જમીન ઘટી રહી છે. ખેતી લાયક જમીન ઘટવાનું સૌથી મુખ્ય કારણ ખેતી માંથી ઓછી આવક છે. કૃષિ પાકોના ઉત્પાદન બાદ ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળતા નથી. જેના કારણે ખેતી હવે ખોટનો ધંધો બની ગયો છે. ખેડૂતોમાં ખેતી કરવાનો ઉત્સાહ ઓછો થઈ રહ્યો છે.

એક બાજુ બિયારણ અને જંતુનાશકોની કિંમત વધવાની સાથે સાથે ખેત મજૂરોનું મજૂરી પણ વધી છે. ગુજરાતમાં ખેડૂત પરિવારની સરેરાશ માસિક આવક માત્ર ₹ ૨,૬૩૧ છે, જે આજના મોંઘવારીના સમયમાં અત્યંત ઓછી છે. આવી સ્થિતિમાં ખેડૂતોને ખેતી માંથી પુરતું વળતર ન મળતા ખેતીની જમીન વેચી રહ્યા છે.

કૃષિ નિષ્ણાતોનું માનવું છે કે, જો ગુજરાતમાં જમીન બિન-ખેતી થવાનો આ ટ્રેન્ડ ન રોકાયો, તો આગામી સમયમાં નાના ખેડૂતો ખેતમજૂર બની જશે અને ધાન્ય પાકોની તીવ્ર અછત સર્જાઈ શકે છે. સરકાર દ્વારા જે રીતે બેફામ નોન એગ્રીકલ્ચરને મંજૂરી આપવામાં આવે છે તેનાથી ખેતીલાયક જમીન સતત ઘટી રહી છે. તંત્ર દ્વારા આ મામલે નિયંત્રણ નહીં લેવામાં આવે તો સ્થિતિ વણસી શકે છે. પ્રવાસ માર્ગદર્શિકા વાંચવી

# મોહન ભાગવત બિલકુલ સાચું બોલ્યા!

## RSS વડાના નિવેદનથી બાબરી મસ્જિદના પક્ષકાર ઇકબાલ અંસારી ખુશ!





નવી દિલ્હી, તા.૩૦

RSSના વડા મોહન ભાગવત હાલમાં અમેરિકાના પ્રવાસે છે. શનિવારે ન્યૂયોર્કમાં 'વન વર્લ્ડ, વન હ્યુમેનિટી' કાર્યક્રમને સંબોધતા ભાગવતે કહ્યું કે, જો કોઈ હિન્દુ માને છે કે ભારતમાં કોઈ મુસ્લિમ ન હોવા જોઈએ, તો તે હિન્દુ રહેતો નથી. અયોધ્યામાં બાબરી મસ્જિદ કેસમાં વાદી ઇકબાલ અંસારીએ મોહન ભાગવતના નિવેદનને સમર્થન આપ્યું. અન્સારીએ કહ્યું કે ભારત હિન્દુઓ અને મુસ્લિમો વચ્ચે ભાઈચારો અને પરસ્પર સ્નેહની ભૂમિ છે.

એક સમાચાર એજન્સીને આપેલા નિવેદનમાં ઇકબાલ અંસારીએ કહ્યું કે, દેશે આગળ વધવું જોઈએ. રાષ્ટ્ર કલ્યાણ માટે બધાએ સાથે મળીને કામ કરવું જોઈએ. મોહન ભાગવતે જે કહ્યું તે સાચું છે. તેમણે દેશની પ્રગતિ, વિકાસ અને રોજગાર પર ધ્યાન કેન્દ્રિત કર્યું. તેઓ પોતાના અનુભવથી બોલી રહ્યા છે. આ ભાઈચારાનું ઉદાહરણ રજૂ કરે છે, જે દર્શાવે છે કે આપણને કેવા નેતાની જરૂર છે. એક એવો નેતા જે દરેકની સંભાળ રાખે છે, હિન્દુઓ અને મુસ્લિમો વચ્ચે એકતાને પ્રોત્સાહન આપે છે અને દેશની પ્રગતિ, વિકાસ અને રોજગારને આગળ ધપાવે છે.

ઇકબાલ અંસારીએ કહ્યું કે, જો આપણા દેશમાં હિન્દુઓ અને મુસ્લિમો વચ્ચે ભાઈચારો મજબૂત રહેશે, તો આપણો દેશ સમગ્ર વિશ્વમાં પ્રખ્યાત થશે. તેમણે કહ્યું કે મોહન ભાગવત પાસે અનુભવ છે અને તેઓ આખી દુનિયામાં પ્રવાસ કરી ચૂક્યા છે. ઇકબાલ અંસારીએ કહ્યું કે ધર્મ વિભાજીત છે, પરંતુ કર્મ વિભાજીત નથી. ધર્મ સાથે કર્મ પણ હોવા જોઈએ. માનવતા પણ હોવી જોઈએ. જે દેશમાં ભાઈચારો અને માનવતા હોય તે દેશ વૈશ્વિક સ્તરે પ્રખ્યાત થશે.

બાબર મસ્જિદના સમર્થક રહેલા ઇકબાલ અંસારીએ કહ્યું કે, ગીતામાં કહેવામાં આવ્યું છે કે, કર્મની પૂજા થાય છે. ભગવાન એવું જ ફળ આપશે જેવું તમે કર્મ કરેલું હશે. આજે, આપણા દેશના બધા લોકોએ ભાઈચારો અને દેશની પ્રગતિ વિશે વાત કરવી જોઈએ. આ જ દેશને આગળ વધારવાની વાત છે. અમે અયોધ્યાના રહેવાસી છીએ. અમે બધા ધર્મોનું સન્માન કરીએ છીએ. અમારા માટે, ભલે તે ભગવાન રામ હોય, હનુમાનજી હોય કે અલ્લાહ હોય, અમે બધાનું સન્માન કરીએ છીએ. અમે બધામાં માનીએ છીએ. દરેકનું સન્માન કરવું જોઈએ.

RSSના વડા મોહન ભાગવતે ન્યૂયોર્કમાં હરિયાણાના દાદરીમાં થયેલા વિમાન દુર્ઘટનાનું ઉદાહરણ આપ્યું. તેમણે કહ્યું કે બે વિમાનો અથડાયા હતા. બંને આરબ દેશોના હતા. મોટાભાગના મુસાફરો મુસ્લિમ હતા. અકસ્માત પછી, અમારા સ્વયંસેવકો સૌથી પહેલા ઘટનાસ્થળે પહોંચ્યા અને બચાવ કાર્ય શરૂ કર્યું. RSSને સમજવા માટે, અમારા કામોને નજીકથી જોવા પડશે.

### ૨-૩ સપ્ટેમ્બરે નેવી બેન્ડ દ્વારા વિવિધ ૧૩ સંગીતની મનમોહક કરાશેધૂનો રજૂ

# લોકમેળામાં ભારતીય નૌ સેનાનું બેન્ડ રેલાવશે દેશભક્તિનો સૂર




રાજકોટ, તા.૩૦

રાજકોટમાં રેસકોર્સ મેદાન ખાતે આગામી તા. ૨ થી ૬ સપ્ટેમ્બર દરમિયાન યોજાનારા 'વિરાસતથી વિકાસ લોકમેળો ૨૦૨૬'માં આ વર્ષે એક વિશેષ આકર્ષણ ઉમેરાવા જઈ રહ્યું છે. વિશ્વભરમાં પોતાના ઉત્કૃષ્ટ પરફોર્મન્સ માટે જાણીતું ભારતીય નૌકાદળ બેન્ડ (નેવી બેન્ડ) લોકમેળામાં તા. ૨ અને ૩ સપ્ટેમ્બરના રોજ શાનદાર પરફોર્મન્સ રજૂ કરશે.

રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા લોકમેળામાં સાંસ્કૃતિક કાર્યક્રમોમાં સહભાગી થવા માટે નેવી બેન્ડને આમંત્રણ આપવામાં આવ્યું છે. રાજકોટના લોકમેળાના ઈતિહાસમાં પહેલીવાર નેવી બેન્ડ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવા માટે સામેલ થઈ રહ્યું છે.

મેળાના પ્રથમ દિવસે, તા. ૨ સપ્ટેમ્બરે ઉદ્ઘાટન પ્રસંગે લોકગાયક ગોપાલ ભરવાડની સાથે અને તા. ૩ સપ્ટેમ્બરે નેવી બેન્ડ દ્વારા સાંજે ૭થી ૮ દરમિયાન મુલાકાતીઓ માટે મનોહર સંગીત રજૂ કરવામાં આવશે. ૧૮ જેટલા નૌ સેનાના જવાનોની ટીમ બેન્ડ પર દેશભક્તિના ગીતો પર સંગીતની સૂરાવલીઓ વહાવીને માહોલમાં જોશ ભરી દેશે. આ બેન્ડ દ્વારા વંદે માતરમ, સમુદ્ર દર્શક, દેશ મેરે, લક્ષ્ય થીમ, તેરી મિટ્ટીમેં મિલજાવા... સહિત વિવિધ ૧૩ પ્રકારની મેલોડીઝ રજૂ કરવામાં આવશે. આ સાથે બેક ગ્રાઉન્ડમાં વીડિયોમાં નૌ સેનાના શૌર્યની ઝાંખી પણ જોવા મળશે.

નોંધનીય છે કે, વર્ષ ૧૯૪૫માં મુંબઈ ખાતે 'રોયલ ઇન્ડિયન નેવી બેન્ડ'ની સ્થાપના થઈ હતી. આ બેન્ડ સ્વતંત્રતા બાદ 'ઈન્ડિયન નેવી બેન્ડ' તરીકે ઓળખાયું, જેનું મુખ્ય મથક આઈ.એન.એસ. કુંજલી મુંબઈ ખાતે છે.

આ બેન્ડ શાસ્ત્રીય સંગીત, મિલિટરી માર્ચ, દેશભક્તિ ગીતો, જેઝ અને પોપ મ્યુઝિકનું અદભુત મિશ્રણ રજૂ કરે છે. જેમાં બ્રાસ, વુડવિન્ડ અને વિવિધ વાદ્યો જેવા કે સેક્સોફોન, ટ્રમ્પેટ, ફ્લૂટ, ક્લેરિનેટ અને ડ્રમ્સનો ઉપયોગ થાય છે. નેવીના શિસ્તબદ્ધ અને વિશેષ તાલીમબદ્ધ સૈનિકો દ્વારા ગણતંત્ર દિવસ, બીટિંગ રિટ્રીટ સમારોહ તેમજ આંતરરાષ્ટ્રીય મિલિટરી મ્યુઝિક ફેસ્ટિવલમાં ભારતનું ગૌરવવંતું પ્રતિનિધિત્વ કરવામાં આવે છે.

# કચરો ઉઠાવવાની ગાડીઓને મળી VIP સુરક્ષા

## ૨૦૦ પોલીસકર્મીઓ ફરજ પર મુકાયા હરિયાણા મ્યુનિસિપલ કોર્પોરેશને ખાસ ફરજ રોસ્ટર બહાર પાડ્યું



નવી દિલ્હી, તા.૩૦

મ્યુનિસિપલ કમિશનર ઈ. જયાશ્રદ્ધા દ્વારા ૨૭ ઓગસ્ટના રોજ બહાર પાડવામાં આવેલા ઓફિસ ઓર્ડર મુજબ, નિયમિત સફાઈ ઝુંબેશ સુનિશ્ચિત કરવા માટે અધિકારીઓ અને કર્મચારીઓમાં કાર્યભાર એક સરખી રીતે વહેંચવામાં આવ્યો છે.

આ આદેશોનો તાત્કાલિક અમલ કરવામાં આવ્યો છે. એક તરફ જ્યારે જિલ્લા વહીવટીતંત્ર, મ્યુનિસિપલ કોર્પોરેશન અને પોલીસ વહીવટીતંત્રની સંયુક્ત ટીમો સફાઈ ઝુંબેશ ચલાવી રહી છે, ત્યારે હડતાળિયા કર્મચારીઓ સફાઈ અભિયાનનો સતત વિરોધ કરી રહ્યા છે.રોસ્ટર હેઠળ, ૨૮ ઓગસ્ટથી ૪ સપ્ટેમ્બર સુધી અલગ અલગ દિવસોમાં અધિકારીઓને દિવસ અને રાતની શિફ્ટ પ્રમાણે ડ્યુટી સોંપવામાં આવી છે. આમાં અધિક મ્યુનિસિપલ કમિશનર પ્રદીપ હુડાથી લઈને જિલ્લા મેજિસ્ટ્રેટ, એક્ઝિક્યુટિવ એન્જિનિયર, SDO, વેલ્ડિંગ ઇન્સ્પેક્ટર, CSI, SI, JE, પટવારી અને સહાયક સ્વચ્છતા નિરીક્ષક સુધીના અધિકારીઓ અને કર્મચારીઓને જવાબદારીઓ સોંપવામાં આવી છે. સફાઈ ઝુંબેશ દરમિયાન સ્થળ પર દેખરેખ અને કાર્યવાહીનું સંકલન સુનિશ્ચિત કરવાનું રહેશે.

આ આદેશ પછી, વહીવટીતંત્રે ઘરે ઘરેથી કચરો ઉપાડવાની ઝુંબેશ શરૂ કરી છે. આ ફોટો હિસારના વોર્ડ નંબર ૧૧નો છે, જ્યાં કામદારોને વિરોધ કરતા અટકાવવા માટે કચરાના ટ્રકોને એસ્કોર્ટ કરવામાં આવી રહ્યા છે. આ હેતુ માટે સેંકડો પોલીસ કર્મચારીઓ તૈનાત છે, અને કચરાના ટ્રકોની આગળ અને પાછળ પોલીસ વાહનો દેખાય છે. સુરક્ષા માટે ૨૦૦થી વધુ પોલીસ કર્મચારીઓ તૈનાત કરવામાં આવ્યા છે. મ્યુનિસિપલ કમિશનરે આદેશમાં સ્પષ્ટતા કરી છે કે, રોસ્ટરમાં નિયુક્ત અધિકારીઓ અને કર્મચારીઓએ તેમની સોંપાયેલ ફરજો અને સ્થળોએ હાજર રહેવું આવશ્યક છે. ફરજ દરમિયાન તે સ્થળ પરથી ગેરહાજર રહેવું એ ગંભીર બેદરકારી માનવામાં આવશે, અને સંબંધિત અધિકારી અથવા કર્મચારી સામે શિસ્તભંગના પગલાં લેવામાં આવી શકે એમ છે.

### ક્લેઈમ ફરિયાદ દાખલ કર્યા તારીખથી રકમ વસૂલ થાય ત્યાં સુધી ૮% ના વાર્ષિક વ્યાજ સાથે ચૂકવવા વીમા કંપનીને આદેશ આપતો હુકમ

# ફિટનેસ સર્ટિફિકેટની મુદત પૂરી થઇ ગઇ હોય તો પણ વીમો : કોર્ટ



અમદાવાદ, તા.૩૦

શ્રી ચલથાણ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી લીમીટેડ (ફરિયાદી)એ એડવોકેટ મારફત એક વીમા કંપની વિરુદ્ધ દાખલ કરાવેલ ફરિયાદની વિગત એવી હતી કે, ફરિયાદીએ ''ન્યુ હોલેન્ડ'' કંપનીનું Sugarcane Harvester (હાર્વેસ્ટર) તરીકે ઓળખાતું (મશીન વાહન) તા. ૨૭/૦૫/૨૦૧૨ ના અરસામાં મશીનનો વીમો રૂ. ૭૯.૩૫ લાખનો સામાવાળા વીમો કંપનીથી લેવામાં આવેલો હતો.

વીમો અમલમાં હતો તે દરમ્યાન હાર્વેસ્ટર માંથી અચાનક ધુમાડો નીકળેલો અને આગ લાગેલી. જેમાં મશીન લગભગ સંપૂર્ણતઃ નુકસાન પામેલું હાર્વેસ્ટરને થયેલ નુકસાન અંગે વીમા કંપનીને એ જ દિવસે એટલે જાણ ફરિયાદી તરફથી કરવામાં આવેલ હાર્વેસ્ટરના ઓથોરાઈઝડ ડિલર ને પણ થયેલ નુકસાન અંગે જાણ કરવામાં આવેલ. અને ડીલરના ટેકનીશિયનોએ સ્થળ પર આવીને નુકસાન અંગે તપાસ/ચકાસણી કરેલ અને ત્યારબાદ ફરિયાદીને હાર્વેસ્ટરને રીપેર કરવાનો કુલ ખર્ચ રૂ. ૧,૨૩,૮૮,૮૮૯.૭૪/-નો આપેલો.હાર્વેસ્ટરની કુલ કિંમત કરતા રીપેરીંગનો ખર્ચ વધી જતો હતો. જેથી નુકસાન અંગે ક્લેઈમ સામાવાળા વીમા કંપની Total Lossના ધોરણે સેટલ કરી IDVની રકમ એટલે કે, રૂ.૭૯,૩૪,૪૯૦/- ક્લેઈમ પેટે ફરિયાદીને ચૂકવવા સામાવાળા વીમા કંપની બંધાયેલા હતા.

વીમા કંપની દ્વારા ફાયનલ સર્વે કરવામાં આવેલ પરંતુ, ત્યારબાદ, પણ ૮ કે ૧૦ મહિના પછી સામાવાળા વીમા કંપની ફરિયાદીનો ક્લેઈમ સેટલ કરેલો નહીં. કોઈ પણ જાતના વ્યાજબી કારણ વિના સામાવાળા વીમા કંપનીએ એક ઈન્વેસ્ટીગેટરની નિમણૂંક કરીને તેમની પાસે પણ ઈન્વેસ્ટીગેશન પણ કરાવેલું. ત્યારબાદ પણ સામાવાળા વીમા કંપનીએ ફરિયાદીનો ક્લેઈમ લાંબા સમય સુધી સેટલ ન કરાયેલો

ફરિયાદી તરફથી ઉપરોક્ત વારંવારની રજુઆતો અને ખાસ કરીને સામાવાળા વીમા કંપનીના ચેરમેન/મેનેજીંગ ડિરેક્ટરને કરાયેલ રજુઆત/ફરિયાદથી સામાવાળા કંપનીના જવાબદાર અધિકારીઓ ફરિયાદી પ્રત્યે પ્રેજ્યુડાઈઝડ અને નારાજ થઈ ગયેલા ત્યારબાદ, સામાવાળાએ ફરિયાદવાળા અકસ્માતથી નુકસાનના બનાવ બન્યાના લગભગ ૨૩ મહિના પછી ફરિયાદીને તા. ૦૭/૧૨/૨૦૧૬ ના રોજનો પત્ર પાઠવી ફરિયાદીનો ક્લેઈમ નામંજૂર કરવાની જાણ કરવામાં આવેલ. મશીનમાં આગ લાગવાનાં દિવસ પહેલાં RTOનું Certificate of Periodical Inspection C.P.I ની મુદત પૂરી થઈ ગઈ હતી એવું જણાવીને એટલે કે હાર્વેસ્ટરને થયેલ નુકસાનની તારીખે હાર્વેસ્ટરનું ઈઙ્ઘ ન હોવાનું કારણ દર્શાવી ફરિયાદીનો ક્લેઈમ નામંજૂર કરાયેલો. જેથી ફરિયાદીએ ગુજરાત સ્ટેટ કમિશન સમક્ષ ફરિયાદ દાખલ કરાવી હતી.

ફરિયાદી તરફથી ફરિયાદમાં તેમજ રિ-જોઈન્ડરમાં એડવોકેટ શ્રેયસ દેસાઈ/પ્રાચી અર્પિત દેસાઈ/ઈશાન શ્રેયસ દેસાઈ દ્વારા રજૂઆત થઈ હતી કે, પરંતુ, વાસ્તવમાં ફરિયાદીની માહિતી અને સમજ મુજબ ફરિયાદીનું જીલફભિફક્ષય ઈંફદિયતર્યિ(હાર્વેસ્ટર) કૃષિ વિષયક ના હેતુ માટેનું જાયભશફહ ીાિજ્ઞિતય દયવશભહય હોવાથી કાનૂની જોગવાઈઓ મુજબ CPI સંબંધિત જોગવાઈઓમાંથી Exemption યાની મુક્તિ આપેલ છે. અને, CPI ફરજીયાત નથી. પરંતુ, Sugarcane Harvester (હાર્વેસ્ટર) ખરીદ્યા પછી પ્રથમવાર આર.ટી.ઓ. માં રજીસ્ટ્રેશન કરાવતી વખતે, ટેકનીકલ વાંધો ન આવે તે માટે Sugarcane Harvester (હાર્વેસ્ટર) નું CPI કરાવવામાં આવેલ હતું. અને ત્યારબાદ અકસ્માત વાળી ઘટના બન્યા પછી સર્વેયરે સર્વે કરતી વખતે CPI રીન્યુ ન કરાવ્યું હોય તો તે કરાવી લેવા જણાવેલું.

વળી, જો કોઈ સંજોગોમાં CPI જરૂરી હોવાનું અર્થઘટન કરવામાં આવે તો તેવા સંજોગોમાં પણ સામાવાળા નોન-સ્ટાન્ડર્ડ બેઝીસ પર ફરિયાદીનો ક્લેઈમ સેટલ કરવા જવાબદાર હતા અને છે. પરંતુ, ફરિયાદી તરફની વારંવાર વિનંતી પછી પણ સામાવાળા એ ફરિયાદીનો ક્લેઈમ ચૂકવેલો નહીં. જે સામાવાળાના પક્ષે ગંભીર બેદરકારી, અનફેર ટ્રેડ પ્રેક્ટિસ તથા સેવામાં ક્ષતિ દર્શાવે છે.

રાજ્ય ગ્રાહક કમિશનના ઇન્ચાર્જ પ્રમુખ આઈ. ડી. પટેલ અને સભ્ય ડો. જે. જી. મેકવાનની બેન્ચે આપેલ હુકમમાં જણાવ્યું હતું કે, શુગરકેન હાર્વેસ્ટર એ ખેતીકામ માટેનું એક 'સ્પેશિયલ પર્પઝ વ્હીકલ' (Special Purpose Vehicle) છે, જે મુખ્યત્વે ખેતરોમાં વપરાય છે અને તે ટ્રાન્સપોર્ટ વાહન નથી. આગ લાગવાનું મૂળ કારણ શોર્ટ સર્કિટ છે. સી.પી.આઈ. ન હોવું એ પોલિસીની શરતોનો કોઈ ગંભીર કે મૂળભૂત ભંગ (Fundamental Breach) ગણી શકાય નહીં.

જો સી.પી.આઈ. ના હોય તોપણ સુપ્રિમ કોર્ટ અને નેશનલ કમિશનના પ્રસ્થાપિત સિદ્ધાંતો મુજબ ક્લેઈમ 'નોન-સ્ટાન્ડર્ડ' (Non-Standard Basis) ધોરણે એટલે કે IDV ના ૭૫% રકમ ચૂકવીને સેટલ કરવો વીમા કંપની માટે કાયદાકીય રીતે બંધનકર્તા છે એમ જણાવી વાહનની IDV રકમના ૭૫% લેખે રૂ. ૫૯,૫૧,૬૧૭/- નો ક્લેઈમ ફરિયાદ દાખલ કર્યા તારીખથી રકમ વસૂલ થાય ત્યાં સુધી ૮% ના વાર્ષિક વ્યાજ સાથે ચૂકવવા તથા માનસિક ત્રાસ પેટે રૂ. ૨૫,૦૦૦/- અને કાનૂની કાર્યવાહીના ખર્ચ પેટે રૂ. ૧૦,૦૦૦/- અલગથી ચૂકવવાનો વીમા કંપનીને આદેશ આપતો હુકમ કર્યો છે.

રાજકોટ મિરર
તંત્રીની કલમે

# બેભાન થાવ, પરીક્ષા આપો

## હોબાળો કરો તો કડક નિયમો અચાનક હળવા થઇ જાય




ગઈ કાલે સમગ્ર દેશ સાથે રાજકોટમાં પણ NEET-PGની મહત્વપૂર્ણ પરીક્ષા યોજાઈ હતી. રાજકોટમાં આત્મિય કોલેજ ખાતે પરીક્ષા કેન્દ્ર રાખવામાં આવ્યું હતું. આ પરીક્ષા દરમિયાન કોલેજ કેમ્પસમાં હાઈવોલ્ટેજ ડ્રામા અને વિચિત્ર દ્રશ્યો સર્જાયા હતા, જેણે સમગ્ર શિક્ષણ જગત અને તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે.

અહીં નોંધનીય છે કે રાષ્ટ્રીય કક્ષાની આવી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સમયપાલન અને સુરક્ષાના અતિ કડક નિયમો અમલમાં હોય છે. નિયત સમય કરતાં થોડી પણ મિનિટ મોડા પડનાર પરીક્ષાર્થીને કેન્દ્રમાં પ્રવેશ આપવાનો સ્પષ્ટ મનાઈ હુકમ હોય છે. રાજકોટના કેન્દ્ર પર પણ એક પરીક્ષાર્થી વિદ્યાર્થિનીને નિયમ અનુસાર પ્રવેશ મળ્યો ન હતો અને સુરક્ષા કર્મચારીઓએ દરવાજા બંધ કરી દીધા હતા.

પોતાની દીકરીનું આખું વર્ષ બગડવાની બીકે તેના પરિવારે બહાર ભારે વિરોધ નોંધાવી હોબાળો શરૂ કર્યો હતો. આ દરમિયાન વિદ્યાર્થિનીના માતા પુત્રીનું ભવિષ્ય રોળાતું જોઈ અતિશય આઘાત અને માનસિક તણાવમાં આવી જતાં કેન્દ્રના દરવાજા બહાર જ બેભાન થઈ ઢળી પડ્યા હતા. આ ઘટનાને પગલે ત્યાં એકઠા થયેલા અન્ય વાલીઓ અને સ્થાનિક લોકોમાં ભારે આક્રોશ ફેલાયો હતો અને લોકરોષ ચરમસીમાએ પહોંચ્યો હતો.

સ્થિતિ વધુ બગડતી જોઈને અને મામલો ગંભીર બનતાં આખરે પરીક્ષા સંચાલકો અને તંત્ર દ્વારા આ વિદ્યાર્થિનીને અંદર પ્રવેશ આપવાનો તાકીદનો નિર્ણય લેવામાં આવ્યો હતો. પ્રવેશ મળ્યા બાદ સ્થિતિ થાળે પડી હતી. આ ઘટનાએ અનેક અનુત્તર પ્રશ્નો છોડી દીધા છે.

સવાલ એ છે કે, જો શરૂઆતમાં નિયમ મુજબ પ્રવેશ અપાયો ન હતો, તો પછી હોબાળા અને વિરોધ બાદ પ્રવેશ કેમ આપવો પડ્યો? શું પરીક્ષાના કડક સત્તાવાર નિયમોમાં અચાનક આવી બાંધછોડ થઈ શકે? કે પછી પહેલાં જ તંત્ર દ્વારા કાચું કાપવામાં આવ્યું હતું અને ખોટી રીતે વિદ્યાર્થિનીને રોકવામાં આવી હતી?

આ કોઈ સામાન્ય કે નાનીસૂની ઘટના નથી. જો માત્ર હોબાળો કરવાથી કે વાલી બેભાન બની જવાથી કડક નિયમો હળવા થઈ જતા હોય, તો નિયમોની ગરિમા શું રહી? આખી બાબતમાં કંઈક આડાઅવળું થયું હોય તેમ સ્પષ્ટ જણાય છે. કોઈ પણ જાતની શેહશરમ કે પક્ષપાત વગર આ અંગે તટસ્થ તપાસ થવી અત્યંત જરૂરી છે. આ ઘટનાને રુટીન ન્યુઝ તરીકે ગણી લેવામાં આવી છે, પણ ઘટનાના ઉંડાણમાં ઉતરવામાં આવે તો તેનું રહસ્ય છતું થઇ શકે છે.



# રશિયાનો યુક્રેન પર હુમલો, ૩૭ મોત

## ૫૦થી વધુ ઈમારતોનો નાશ : યુક્રેનનની ૧ હજારથી વધુ ડ્રોન છોડવાની વળતી ધમકી

નવી દિલ્હી, તા.૩૦

રશિયાએ યુક્રેનની રાજધાની કિવ નજીક હુમલા તેજ કર્યા છે. આ હુમલામાં દિવ્યાંગોના કેર હોમ સહિત ૫૦થી વધુ ઈમારતોનો નાશ થયો છે અને ૩૭ લોકો માર્યા ગયા છે. યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીએ રશિયા પર લોંગ રેન્જ મિસાઇલ હુમલા વધારવાની જાહેરાત કરી, જેમાં દરરોજ ૧૦૦૦થી વધુ ડ્રોન છોડવામાં આવશે.

રશિયાના હુમલામાં દિવ્યાંગોના કેર હોમ સહિત ૫૦થી વધુ ઈમારતોનો નાશ, ૩૭૦થી વધુ લોકોને સલામત સ્થળે ખસેડાયા

છીતતશફ દ્ત ઞસફિશક્ષ ફ્ િઆમફયિંતઃ રશિયા દ્વારા યુક્રેનની રાજધાની કિવ નજીક ફરી હુમલો કરવામાં આવ્યો હતો. જેને પગલે આ હુમલામાં કુલ ૩૭ લોકો માર્યા ગયા છે. જ્યારે અનેક લોકો ઘાયલ થયા હતા. સ્થાનિક સૈન્ય અધિકારીએ કહ્યું હતું કે રશિયાના આ હુમલામાં યુક્રેનની ૫૦ રહેણાંક ઈમારતોને ભારે નુકસાન થયું છે. એટલુ જ નહીં આગ લાગવાથી અનેક મકાનો અને રેસ્ટોરન્ટ તેની લપેટમાં આવી ગયા હતા.

યુક્રેનના પ્રમુખ વોલોડીમર ઝેલેન્સ્કીએ કહ્યું હતું કે આ હુમલો રાજધાની કિવની નજીક બુચા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં કરવામાં આવ્યો હતો. ગ્રામ્ય વિસ્તારના એક વેરહાઉસમાં આગ લાગી હતી. આ વિસ્તારમાંથી આશરે ૩૭૦ જેટલા લોકોને સુરક્ષીત સ્થળે ખસેડવામાં આવ્યા છે. તાજેતરમાં યુક્રેનની રાજધાની કિવ પર કે તેની આસપાસ રશિયાએ હુમલા વધારી દીધા છે. આ હુમલા મુખ્યત્વે યુક્રેનને આર્થિક રીતે નુકસાન થાય તે રીતે કરવામાં આવી રહ્યા છે.

યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીએ વધુમાં કહ્યું હતું કે રશિયાએ દિવ્યાંગોના કેર હોમને પણ નિશાન બનાવ્યું જેને કારણે આ કેર હોમ પણ નાશ પામ્યું છે. આ સાથે જ યુક્રેન પ્રમુખે રશિયા પર લોંગ રેન્જ મિસાઇલો દ્વારા હુમલા શરૂ રાખવાની પણ જાહેરાત કરી હતી. રાષ્ટ્રને સંબોધનમાં ઝેલેન્સ્કીએ કહ્યું હતું કે અમે રશિયા પર હુમલા વધારવા જ રહ્યા છીએ, દરરોજ એક હજારથી વધુ ડ્રોન છોડવામાં આવશે. હાલમાં માત્ર ૩૦૦ કે તેની આસપાસ જ લોંગ રેન્જ ડ્રોન છોડીએ છીએ હવે આ સંખ્યા ત્રણગણી વધી જશે. રશિયાના અનેક ઓનલાઇન રિટેલર્સ, કોમર્શિયલ ઈમારતોને નિશાન બનાવીને યુક્રેન હુમલા કરતુ આવ્યું છે, એવામાં રશિયાએ પણ યુક્રેનના આર્થિક મથકોનો નાશ થાય તે રીતે હુમલા વધારી દીધા છે.

# નેપાળના પૂર પ્રકોપમાં ભારતનું બચાવ કાર્ય

## ભારતે કહ્યું આ દુર્ઘટનામાં ઘણા ભારતીયોએ પણ પોતાનો જીવ ગુમાવ્યો છે, તેથી નેપાળના દુઃખમાં સહભાગી છીએ

નવીદિલ્હી, તા. ૩૦

૨૬ ઓગસ્ટના રોજ નેપાળના ભોટે કોસી ક્ષેત્રમાં આવેલા વિનાશક પૂર પછી ભારતે રાહત અને બચાવ કામગીરી વધુ તીવ્ર બનાવી છે. પૂરના કારણે જાનમાલનું નોંધપાત્ર નુકસાન થયું છે અને રસ્તાઓ, પુલો અને રહેણાંક વિસ્તારો સહિત માળખાગત સુવિધાઓને નોંધપાત્ર નુકસાન થયું છે. ભારત સરકારના જણાવ્યા અનુસાર, નેપાળમાં અત્યાર સુધીમાં ૧૦૮ ભારતીય નાગરિકોને બચાવી લેવામાં આવ્યા છે, અને અગાઉ ગુમાવેલા આશરે ૫૦ લોકો સાથે સંપર્ક પુનઃસ્થાપિત કરવામાં આવ્યો છે. પૂરથી નેપાળ અને ચીન બંનેને અસર થઈ છે. સ્થાનિક ચીની સરકારી અધિકારીઓના જણાવ્યા અનુસાર, છેલ્લા બે દિવસમાં ૫૯૮ ભારતીય નાગરિકો ચીનથી સુરક્ષિત રીતે નેપાળ પહોંચ્યા છે. હાલમાં લગભગ ૯૦૦ ભારતીય નાગરિકો ચીન તરફ છે અને સુરક્ષિત અને સંપર્કમાં છે. જોકે, ૨૭૫ થી વધુ ભારતીય નાગરિકો અને ભારતીય મૂળના ૧૨૮ લોકો ગુમ છે અથવા સંપર્કથી બહાર છે.



પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ૨૬ ઓગસ્ટના રોજ નેપાળના પ્રધાનમંત્રી બાલેન શાહ સાથે ફોન પર વાત કરી હતી અને દુર્ઘટના પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે ભારત આ મુશ્કેલ સમયમાં નેપાળ સાથે મજબૂત રીતે ઊભું છે અને શક્ય તેટલી માનવતાવાદી સહાય પૂરી પાડવા માટે તૈયાર છે. ત્યારબાદ, ૨૮ ઓગસ્ટના રોજ, વિદેશ મંત્રી ડો. એસ. જયશંકરે નેપાળના વિદેશ મંત્રી સાથે વાત કરી અને રાહત અને બચાવ પ્રયાસો અંગે ચર્ચા કરી. ભારતીય નાગરિકો માટે બચાવ અને રાહત કામગીરી પર નજર રાખવા માટે વિદેશ મંત્રાલયમાં ૨૪ કલાકનો કંટ્રોલ રૂમ સ્થાપિત કરવામાં આવ્યો છે. કાઠમંડુ અને બેઈજિંગમાં ભારતીય દૂતાવાસોએ પણ ૨૪/૭ હેલ્પલાઈન્સ સ્થાપિત કરી છે. બંને ભારતીય મિશન અસરગ્રસ્ત ભારતીય નાગરિકોની ઝડપી શોધ, બચાવ અને સલામત પરત સુનિશ્ચિત કરવા માટે નેપાળી અને ચીની અધિકારીઓ સહિત તમામ સંબંધિત એજન્સીઓ સાથે સતત સંકલન કરી રહ્યા છે.

ભારતે નેપાળમાં તાત્કાલિક માનવતાવાદી સહાય પહોંચાડવા માટે ભારતીય વાયુસેનાના વિમાનોને તૈનાત કર્યા છે. અત્યાર સુધીમાં, ત્રણ IAF વિમાનોએ નેપાળમાં આશરે ૫૭.૫ ટન રાહત સામગ્રી પહોંચાડી છે, જ્યારે ચોથી ફ્લાઇટ ૨૯ ઓગસ્ટના રોજ કાઠમંડુ જવા માટે રવાના થવાની છે. ભારતીય સેનાની ટેકનિકલ ટીમોએ અસરગ્રસ્ત વિસ્તારમાં ટનલ બચાવ કામગીરીમાં મદદ કરવાનું શરૂ કરી દીધું છે. ૨૯ ઓગસ્ટ, શનિવારના રોજ નિર્ધારિત ચોથી C-130J ફ્લાઇટમાં ૧૩ સભ્યોની ભારતીય સેનાની વિશેષ ટનલ બચાવ ટીમ અને વિશિષ્ટ સાધનો મોકલવામાં આવી રહ્યા છે. આ ટીમની રચના અગાઉ મોકલવામાં આવેલી રિકોન ટીમના ગ્રાઉન્ડ એસેસમેન્ટના આધારે કરવામાં આવી છે અને તે નેપાળી ડિઝાસ્ટર રિસ્પોન્સ ટીમોને ચાલુ શોધ અને બચાવ કામગીરીમાં મદદ કરશે. ભારતે રાહત અને બચાવ કામગીરીમાં તેમજ મૃતકોની ઓળખમાં સહાયની ઓફર કરી છે.

# ભારતમાં મુસ્લિમ ન હોવા જોઈએ તેવું કહેનાર હિન્દુ નથી : ભાગવત

## આરએસએસના વડા મોહન ભાગવતે ન્યુ યોર્કમાં તમામ ધર્મોના લોકોને એકસાથે લાવવાના મહત્વ પર ભાર મૂક્યો

નવીદિલ્હી, તા. ૩૦

આરએસએસના વડા મોહન ભાગવતે અમેરિકાના ન્યૂયોર્કમાં આયોજિત ''યુનિવર્સલ વનનેસ સેલિબ્રેશન'' કાર્યક્રમમાં સંબોધન કર્યું. તેમણે કહ્યું, ''હું ધાર્મિક નિષ્ણાત નથી કે તમારી જેમ ધાર્મિક વિદ્વાન કે અધિકારી નથી, પરંતુ હું એવા સમાજમાં કામ કરું છું જે પરંપરાગત રીતે માને છે કે ધર્મો અલગ અલગ હોઈ શકે છે, માનવતા એક છે. સત્ય એક છે, અને માનવતા એ સત્યનું ઉત્પાદન છે.'' તેમણે એમ પણ કહ્યું કે જો કોઈ એવું માને છે કે મુસ્લિમો ભારતમાં હાજર ન હોવા જોઈએ, તો તે હવે હિન્દુ રહેશે નહીં.

મોહન ભાગવતે કહ્યું, ''જો તમે પોતાને હિન્દુ કહેવા માંગતા હો, તો તમારે માનવું જોઈએ કે બધા માર્ગો એક જ માર્ગ તરફ દોરી જાય છે અને દરેક માનવીને ગૌરવ છે. મનુષ્યોમાં કોઈ તફાવત નથી. મારું એક વ્યાખ્યાન હતું, અને મુસ્લિમ ભાઈઓ પણ ત્યાં હતા, અને તેઓએ મને એક પ્રશ્ન પૂછ્યોઃ તમે એક હિન્દુ સંગઠન છો, તમે હિન્દુ રાષ્ટ્ર કહો છો. અમારા મુસ્લિમોનું શું? શું તમે અમને કાઢી મૂકશો? મેં કહ્યું ના, આ હિન્દુત્વ નથી.'' જો કોઈ હિન્દુ માને છે કે ભારતમાં કોઈ મુસ્લિમ ન હોવા જોઈએ, તો તે હિન્દુ રહેવાનું બંધ કરી દેશે.

તેમણે કહ્યું, ''આજના વિશ્વમાં, ધર્મો મોટાભાગે ધાર્મિક વિધિઓ દ્વારા ઓળખાય છે. ધાર્મિક શિસ્તનું પાલન કરવા અને દિવ્યતાના માર્ગ પર ચાલવા માટે આ ધાર્મિક શિસ્ત જરૂરી છે, પરંતુ ધર્મનો હેતુ શું છે? તે આપણને સત્ય તરફ દોરી જાય છે. તેથી, જો હું તે પ્રકાશ તરફ ઈશારો કરીશ, તો તમે મારી આંગળી ઈશારો કરતી જોશો અને પછી પ્રકાશ જોશો. પરંતુ જો તમે મારી આંગળી પર અટવાયેલા રહેશો, તો તમે ક્યારેય પ્રકાશ જોશો નહીં. હેતુ કંઈક બીજો છે. તે અંતિમ સત્ય, એટલે કે દિવ્યતા શોધવાનો છે, જેને આપણે જુદા જુદા નામોથી બોલાવીએ છીએ.''



આરએસએસ વડા કહે છે કે પાર્ટી યુદ્ધોને રોકવા અને રાજકારણને પ્રભાવિત કરવા માંગે છે. તેમણે કહ્યું, ''અમે નીતિઓ બનાવવામાં આવે તે પહેલાં તેને બદલવા અને તેમને યોગ્ય દિશામાં પ્રભાવિત કરવા માંગીએ છીએ. અમે યુદ્ધોને રોકવા અને આ બધી બાબતો કરવા માંગીએ છીએ. તેથી, અમે રાજકારણને સક્રિયપણે પ્રભાવિત કરવા માંગીએ છીએ. આપણે કોઈક સમયે આ કરવું પડશે.'' મોહન ભાગવતે કહ્યું, ''આપણો સમાજ અને આપણો દેશ વિદેશી હુમલાઓનો ભોગ બન્યો છે અને ઘણું ગુમાવ્યું છે, પરંતુ તે પરંપરા હજુ પણ ચાલુ છે, જે સામાન્ય લોકોને એક જ વસ્તુ શીખવે છેઃ એક વિશ્વ, એક માનવતા. પરંતુ કેટલીક વસ્તુઓ અથવા બોજો છે જે લોકો બિનજરૂરી રીતે વહન કરે છે. આપણા ભારતમાં, બધા ધર્મો અને સમુદાયોના લોકો સુમેળમાં સાથે રહે છે કારણ કે ભારતે પરંપરાગત રીતે દરેકને આશ્રય આપ્યો છે.''

રાજકારણ હવે સ્વાર્થનો રમત બની ગયું છે, અને જ્યાં ''હું અને મારું'' છે, ત્યાં કોઈ ઉકેલ નથી. એકમાત્ર ઉકેલ ''આપણે અને આપણું'' છે. તેથી, ભારતમાં આપણો અનુભવ એ છે કે આપણે સમાજથી શરૂઆત કરવી જોઈએ. આપણે આ કરવાનું શરૂ કરી દીધું છે. મોહન ભાગવતે RSS વિશે લોકોમાં પ્રવર્તતી ગેરસમજો વિશે પણ વાત કરી. તેમણે કહ્યું, ''આપણે બદલામાં કંઈ અપેક્ષા રાખતા નથી. હું ફક્ત બીજાઓને કંઈપણ અપેક્ષા રાખીને ન આવવાનું કહેતો નથી. આપણે સંઘમાં પણ એવું જ કરીએ છીએ. આપણે ફક્ત આપીએ છીએ. આપણને કંઈ જોઈતું નથી. એટલા માટે આપણે પ્રચારની દ્રષ્ટિએ ઘણા પાછળ છીએ.'' ખોટી બાબતો અને ધારણાઓને કારણે ઘણી ગેરસમજો ઊભી થઈ છે, પરંતુ જ્યારે તમે આવો છો અને અમને નજીકથી જુઓ છો, ત્યારે તે બધી ગેરસમજો એક જ દિવસમાં દૂર થઈ જશે.

# શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

## શ્રાવણી અભિષેક

### શ્રાવણિયા સોમવારે રામેશ્વર, નાગેશ્વર, અને કાશી વિશ્વનાથ જ્યોર્તિલિંગનું મહાત્મ્ય જાણીએ



રામેશ્વર : આ મંદિર એક એવું મંદિર છે, જે ભારતનાં મુખ્ય ચાર તીર્થોમાંનું એક તીર્થધામ છે, અને સાતમાં જ્યોતિર્લિંગ તરીકે પણ પ્રસિદ્ધ છે. રામેશ્વરનું મંદિર મર્યાદા પુરુષોત્તમ શ્રીરામ અને અજન્મા આશુતોષ મહાદેવની અરસપરસની ઉભય ભક્તિનું પ્રતિક માનવામાં આવે છે. ઋગ્વેદમાં કોટિ કંદર્પ સંહિતામાં રામેશ્વર મંદિરનો ઉલ્લેખ જોવા મળે છે,એ બતાવે છે કે આ મંદિર કેટલું પૌરાણિક છે.

આ જ્યોતિર્લિંગ તામિલનાડુના સમુદ્ર કિનારે આવેલું છે. અહીંયાં શ્રીરામે ભગવાન શંકરની પૂજા કરી હતી. રાવણ સાથે યુદ્ધમાં કોઈ પાપ થાય નહીં, અને વિજય પ્રાપ્ત થાય તે કારણે ભગવાન રામે મંદિરમાં શિવજીની આરાધના કરી હતી.નારાયણના સ્વરૂપ એવા શ્રીરામ અને શિવજીનો વસવાટ આ તીર્થમાં છે. રામેશ્વરમનાં દર્શનથી યશ અને વિજયપ્રાપ્તિનું ફળ મળે છે.

રામેશ્વર જ્યોર્તિલિંગ વિશેની પૌરાણિક કથા મુજબ સીતાની શોધમાં ભટકતા રામજીની સુગ્રીવથી મિત્રતા થઈ, અને તેના વિશેષ દૂત શ્રી હનુમાનજીની મદદથી સીતાની લંકાની અશોક વાટિકામાં છે એ ખબર મળી. શ્રીરામ પોતાની સાથે વાનરોની સેના લઈને સીતાજીને લેવા નીકળે છે.લંકા સુધી એટલે કે અત્યારનાં ધનુષકોટી સુધી રામે સેતુ બંધની રચના કરી. યુદ્ધમાં તો કેટલીય હિંસા થશે આવી ચિંતા કરવાં લાગ્યા. તેમને તરસ લાગતાં પાણી પીવા સમયે શિવ પૂજન રહી ગયું છે, કરવાની સ્મૃતિ જાગી ઉઠી, તેમણે પાર્થિવ લિંગ બનાવીને ષોડશોપચારથી શિવજીની આરાધના કરી. રામેશ્વર લિંગની પ્રતિષ્ઠા સ્વયં રાવણે કરાવી હતી, કારણ કે રાવણ પોતે પંડિત હતો, અને શાસ્ત્રોક્ત વિધિનું તેને પૂર્ણ જ્ઞાન હતું. વેદ ઉપનિષદનો જ્ઞાતા હતો, માત્ર એક અહંકાર ન્હોત તો, રાવણ કોઈ દેવથી કમ ન્હોતો.

રામજી આર્તવાણીમાં શ્રદ્ધાપૂર્વક શિવજીથી પ્રાર્થના કરીને મોઢાથી અગડ બમ બમ શબ્દ નિકળ્યો,અને એનું સ્મરણ કર્યું તો શિવજી પ્રસન્ન થઈને પ્રકટ થઈ ગયાં, અને વરદાન માંગવા કહ્યું. રામજીએ પ્રેમપૂર્વક કહ્યું કે આ સંસારને પવિત્ર કરવા અને બીજાના ઉપકાર માટે અહીયા નિવાસ કરો. શિવજી ''તથાસ્તુ'' કહીને લિંગરૂપ સ્થિત થઈને રામેશ્વર નામથી પૃથ્વી પર પ્રસિદ્ધ થયા. રામ શિવની કૃપાથી રાવણ આદિ રાક્ષસોને મારીને વિજયી થયા.

નાગેશ્વર : આ જ્યોતિર્લિંગ પાછળની કથા મુજબ પૌરાણિક જ્યોતિર્લિંગનાં પ્રમાણિત પુરાણમાં આ કથા વર્ણવેલી છે. દ્વારકા નજીક દારુક નામની સીમ આગળ, દારુક નામની નદી પણ હતી, અને ત્યાં એક રાક્ષસ રહેતો હતો, રાક્ષસનું નામ દારુક હતું. તેને માતા પાર્વતીનું વરદાન હતું, એટલે તે કોઇનાથી મરતો ન્હોતો, અને જે કોઈ નદી પાર કરવાં આવે તેને લૂંટીને મારી નાખતો હતો. સુપ્રિય નામનો સદાચારી વૈશ્ય હતો,એ ભગવાન શિવનો અનન્ય ભક્ત હતો !! એ નિરંતર શિવની આરાધના,અને ધ્યાનમાં રહેતો હતો. પોતાનાં બધાં કાર્યો એ ભગવાન શિવને અર્પિત કરીને કરતો હતો .મન ,વચન ,કર્મથી એ શિવાર્ચનમાં જ તલ્લીન રહેતો હતો. શિવ ભક્તિથી દારુક નામનો રાક્ષસ બહુજ કૃદ્ધ રહેતો હતો,એ નિરંતર પ્રયત્ન કરતો હતો કે સુપ્રિયની પૂજા અર્ચનામાં વિઘ્ન પડે !! એકવાર સુપ્રિય નૌકા પર સવાર થઈને ક્યાંક જઈ રહ્યો હતો, એ જોઈ દારુક રાક્ષસ અવસર જોઇને નૌકા પર આક્રમણ કરીને નૌકામાં સવાર બધાં યાત્રીઓને પકડીને, પોતાની રાજધાનીમાં લઈ જઈને કેદ કરી લીધાં.સુપ્રિય કારાગારમાં પણ પોતાનાં નિત્યનિયમ અનુસાર ભગવાન શિવની પૂજા આરાધના કરવાં લાગ્યાં! જેલમાં બંદીઓને પણ એ શિવ ભક્તિની પ્રેરણા આપવાં લાગ્યો. દારુકે આ સમાચાર સાંભળ્યાં ત્યારે અત્યંત ક્રોધીત થઈને કારાગારમાં આવી પહોંચ્યો. સુપ્રિય એ સમયે ભગવાન શિવનાં ચરણોમાં ધ્યાન લગાવીને બંને આંખો બંધ કરીને બેઠો હતો. રાક્ષસે એની આ મુદ્રામાં જોઈને અત્યંત ક્રૌધમાં કહ્યું અરે દુષ્ટ વૈશ્ય !! તું આંખો બંધ કરીને અહીંયા કયો ઉપદ્રવ અને ષડયંત્ર કરવાનું વિચારી રહ્યો છે ? છતાં પણ ધર્માત્મા શિવ ભક્ત સુપ્રિયની સમાધિ ભંગ થઈ નહીં, એટલે દારુક ક્રોધથી એકદમ પાગલ થયો! એણે પોતાનાં અનુચરોને સુપ્રિય તથા અન્ય બંદીઓને મારી નાંખવાનો આદેશ આપ્યો. છતાં સુપ્રિય જરા પણ વિચલિત કે ભયભીત થયો નહીં. એકાગ્ર મનથી સૌની મુક્તિ માટે શિવને પ્રાર્થના કરવા લાગ્યો. એને પૂર્ણ વિશ્વાસ હતો કે મારાં આરાધ્ય શિવજી વિપત્તિમાંથી મને અવશ્ય છુટકારો અપાવશે! એની પ્રાર્થના સાંભળીને ભગવાન શંકર તત્ક્ષણ કારાગારમાં એક ચમકતાં સિંહાસન પર સ્થિત જ્યોતિર્લિંગનાં રૂપમાં પ્રગટ થયાં. એમણે આ પ્રકારે સુપ્રિયને દર્શન આપીને, એને પોતાનું પાશુપત અસ્ત્ર પ્રદાન કર્યું .આ અસ્ત્રથી દારુક તથા એનાં સહાયકોનો વધ કરીને સુપ્રિય શિવધામ ચાલ્યા ગયાં ! ભાગવાન શિવનાં આદેશાનુસાર જ આ જ્યોતિર્લિંગનું નામ નાગેશ્વર પડયું છે. શ્રી નાગેશ્વર જ્યોતિર્લિંગ ગુજરાત પ્રાંતના દ્વારકાપુરીથી લગભગ ૨૫ કિલોમીટર દૂર છે. દ્વારકાથી બેટ દ્વારકા જતાં આ સ્થાન રસ્તામાં આવે છે. આની અતિરિક્ત નાગેશ્વર નામથી બે અન્ય શિવલિંગોની પણ ચર્ચા ગ્રંથોમાં છે. આ લિંગોને પણ કેટલાંક લોકો નાગેશ્વર જ્યોતિર્લિંગ કહે છે . એમાંથી એક નાગેશ્વર જ્યોતિર્લિંગ નિઝામ હૈદરાબાદ આંધ્રપ્રદેશમાં છે, જયારે બીજું ઉત્તરાખંડનાં અલ્મોડામાં છે. શિવ પુરાણ અનુસાર સમુદ્રનાં કિનારા દ્વારકા પૂરીની પાસે સ્થિત શિવલિંગ જ જ્યોતિર્લિંગનાં રૂપમાં પ્રમાણિત થાય છે !! ભોલેનાથનાં નિર્દેશાનુસાર જ આ શિવલિંગનું નામ નાગેશ્વર જ્યોતિર્લિંગ પડયું છે !

નાગેશ્વરનું જ્યોતિર્લિંગ કેટલાય વર્ષો સુધી નાનકડી એવી ડેરીના સ્વરૂપમાં જ હતું, પરંતુ ભજન સમ્રાટ ગુલશન કુમારે આ મંદિરનાં જિર્ણોદ્ધારનો સંકલ્પ કર્યો. ૧૯૯૬ની સાલમાં તેણે આ મંદિરના જીર્ણોદ્ધારનું કાર્ય આરંભ કર્યું, અને ૨૦૦૨ની સાલમાં આપણને અત્યારે દેખાય છે, તે જ્યોતિર્લિંગનું મંદિર અસ્તિત્વમાં આવ્યું. અહીં ૧૨૫ ફૂટ લાંબી અને ૨૫ ફૂટ પહોળી પ્રતિમા મુકવામાં આવી છે, જે આ મંદિરનું મુખ્ય આકર્ષણ કેન્દ્ર છે, અને લગભગ બે કિલોમીટર દૂરથી પણ આ પ્રતિમાના દર્શન થાય છે.

વિશ્વેશ્વર : હિન્દુ ધર્મની પટનગરી જેવી જ વારાણસી નગરીમાં કાશી વિશ્વનાથ મહાદેવનું જ્યોતિર્લિંગ આવેલું છે. આ મંદિરની વિશેષતા સુવર્ણ મંડિત શીખરનું ઐશ્વર્ય અને કલાત્મક સ્થાપત્ય છે. મંદિરની ભવ્યતા કાંઈ વિશેષ નથી કે નથી તેની પાસે વિશાળ પટાંગણ પણ એથીય કાંઈક સવિશેષ છે કે આ મંદિરને અદકેરૂ સ્થાન આપે છે, અને તે છે કાશી નગરીમાં તેનું સ્થાન, સ્વયં કાશી નગરી શિવજીએ પ્રસ્થાપિત કરી હતી, અને તે પણ અંતરિક્ષમાં, શિવપુરાણ પ્રમાણે સંસારનાં પ્રારંભે પુરૂષ અને પ્રકૃતિએ જ્યારે સૃષ્ટિ ઉત્પન્ન કરવા તપ કરવા જણાવવામાં આવ્યું તો પુરૂષ પ્રકૃતિ એ શિવજી સમક્ષ તપ કરવા માટેનાં સ્થાનની માંગણી કરી. નિર્ગુણ શિવજીએ તેજના સારરૂપ પાંચગાઉના વિસ્તારવાળી તથા સર્વ સંપન્ન એક નગરી બનાવી, અંતરીક્ષ વચ્ચે સ્થાપિત કરી. પછી તેમાં પુરૂષ એટલે કે વિષ્ણુએ તપ ધ્યાન આદર્યું ,તો તેઓનાં ભવ્ય શરીરમાંથી પરિશ્રમનાં કારણે જળધારાઓ વહેવા લાગી જે જોઈ વિષ્ણુએ અહો આશ્ચર્યમ્ કહી પોતાનું મસ્તક ધુણાવ્યું એટલે પ્રભુનાં ફર્ણમાંથી એક મણિ તેમની આગળ પડ્યો, તે જ સ્થાન આ મણિકર્ણિકા, નામે મોટું તીર્થધામ બન્યું . હવે આ મણિકર્ણિકા તથા પાંચગાઉનાં વિસ્તારની આ નગરી જળધારાનાં પૂરમાં ડૂબવા લાગી ત્યારે નિર્ગુણ શિવજીએ તરત જ પોતાના ત્રિશૂળ પર તેને ધરી રાખી.આ દરમ્યાન સ્વયં વિષ્ણુ તો પ્રકૃતિ સાથે ત્યા શયન કરતાં હતાં, ત્યારે શિવજીની આજ્ઞાથી તેની નાભિકમળમાંથી બ્રહ્માજી ઉત્પન્ન થયા,અને બ્રહ્માજીએ શિવજીની આજ્ઞા વડે અદ્ભૂત સૃષ્ટિની રચના કરી,અને આ પાંચ ગાઉની નગરીને સૃષ્ટિનાં ઋષિમુનિઓએ પચાસ કરોડ યોજનથી અધિક ગણી કરી. શિવજીએ લોક કલ્યાણ માટે આ નગરીને ત્રિશૂલધારથી છૂટી કરી. આ નગરી'મૃત્યુ લોકમાં શુભ દાયક તથા કર્મનો નાશ કરનારી માનવામાં આવી, અને જ્ઞાનની દાત્રી હોઈ મોક્ષનો પ્રકાશ ફેલાવનારી ગણવામાં આવી . તેથી જ તે કાશી નામે પ્રસિદ્ધ બનીને પૃથ્વીલોકમાં અવતરી,જ્યાં મૃત્યુ પામનાર વ્યક્તિમાં બ્રહ્મજ્ઞાન પ્રકાશિત થાય છે તે સ્થળ કાશી છે .

અહીં પરમાત્મા શિવે પોતે જ અવિમુક્ત નામે જ્યોતિર્લિંગ સ્થાપ્યું ! બ્રહ્માનો પ્રલંબ દિવસ સંપન્ન થાય તો પણ કાશીનગરી નાશ પામતી નથી.મોક્ષદાત્રી પવિત્ર કાશીનગરી સાક્ષાત વિશ્વનાથ મહાદેવની નગરી છે, જ્યાં સદાકાળ વિશ્વનાથ વાસ કરે છે, આવાં સદાશિવને ભજીએ. બોલો ૐ નમઃ શિવાય.

લી. ફાલ્ગુની વસાવડા. (ભાવનગર)

### દિવસ-રાત વીડિયો કોલ પર રાખીને મિલકત, મ્યુચ્યુઅલ ફંડ, બેંક વિગતો અને ફિક્સ ડિપોઝિટ સહિતની માહિતી મેળવી

# માઁ દિકરાને 'ડિજિટલ અરેસ્ટ' કરી દોઢ કરોડ પડાવ્યા

## સીબીઆઈ અને મુંબઈ પોલીસના બોગસ અધિકારી બની ઠગોએ પરિવારને સતત વીડિયો કોલ પર રાખી ઓનલાઈન ઈન્ક્વાયરીનું નાટક રચ્યું

રાજકોટ, તા.૩૦

સાયબર ક્રાઈમ ક્ષેત્રે 'ડિજિટલ અરેસ્ટ'ના નામે નિર્દોષ લોકોને ડરાવી લાખો-કરોડો રૂપિયા પડાવી લેતી રીંગ વડોદરા બાદ સમગ્ર રાજ્યમાં સક્રિય બનતા ચિંતાનો માહોલ સર્જાયો છે; વડોદરાના એક પરિવારને વીડિયો કોલ પર અટકાયતમાં રાખી રૂ. ૧.૫૩ કરોડની લૂંટ ચલાવવામાં આવ્યા બાદ પોલીસ અને સાયબર એજન્સીઓ સતર્ક બની છે.

વિગતો જોઈએ તો વડોદરા શહેરમાં સાયબર ઠગોએ એક સિનિયર સિટીઝન અને તેમના પરિવારને 'ડિજિટલ અરેસ્ટ' કરીને રૂ. ૧.૫૩ કરોડ ૧,૫૩,૦૪,૦૪૭થી વધુની રકમ ઓનલાઈન ટ્રાન્સફર કરાવી લેતા ભારે ચર્ચા જાગી છે. ઠગોએ પોતાની ઓળખ જઇઇ, મુંબઈ પોલીસ, ઈઇઇ અને છઇઈના ઉચ્ચ અધિકારીઓ તરીકે આપી મની લોન્ડરિંગના કેસમાં ફસાવી દેવાની ધમકી આપી હતી. ત્યારબાદ પરિવારે આ મામલે સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદ વિગતો અનુસાર એક અજાણ્યા વ્યક્તિએ સિનિયર સિટીઝનની માતાને ફોન કરી તેમના પતિના નામે મુંબઈથી ક્રેડિટ કાર્ડ લેવાયું હોવાનું અને તેમાંથી રૂ. એક લાખનું ટ્રાન્ઝેક્શન થયું હોવાનું જણાવ્યું હતું. આ અંગે મહિલાએ પોતાના પુત્રને જાણ કરતા, વોટ્સએપ મારફતે મુંબઈ પોલીસના સબ-ઈન્સ્પેક્ટર તરીકે ઓળખાવનાર વ્યક્તિએ પોલીસ યુનિફોર્મમાં વીડિયો કોલ કર્યો હતો. આરોપીઓએ આધાર કાર્ડની વિગતો મેળવી પરિવાર વિરુદ્ધ મની લોન્ડરિંગનો કેસ હોવાનું કહી 'ઓનલાઈન ઈન્ક્વાયરી'ના નામે વીડિયો કોલ ચાલુ રાખવા જણાવ્યું હતું.




ઠગોએ પરિવારને દિવસ-રાત વીડિયો કોલ પર રહેવા દબાણ કર્યું હતું. આ સમયગાળા દરમિયાન તેમણે બેંક વિગતો, મિલકત, મ્યુચ્યુઅલ ફંડ અને ફિક્સ ડિપોઝિટ સહિતની તમામ માહિતી મેળવી લીધી હતી. ત્યારબાદ ત્રીજી ઓગસ્ટથી બાર ઓગસ્ટ દરમિયાન આરબીઆઈ અને અન્ય બેંકોના બનાવટી લેટરપેડ તથા સહીવાળા પત્રો મોકલીને અલગ-અલગ બેંક ખાતામાંથી કુલ ૧.૫૩ કરોડ ટ્રાન્સફર કરાવી લીધા હતા. આ દરમિયાન પરિવારના એક પરિચિતને સમગ્ર ઘટનાની જાણ થતાં તેમણે આ 'ડિજિટલ અરેસ્ટ' પ્રકારની સાયબર ઠગાઈ હોવાનું જણાવી સાવચેત કર્યા હતા, જેથી પરિવારે પોલીસનો સંપર્ક કર્યો હતો.

રાજ્યમાં ડિજિટલ અરેસ્ટના નામે આવી નિર્દોષ નાગરિકોને શિકાર બનાવતી ઘટનાઓ અગાઉ પણ પ્રકાશમાં આવી ચૂકી છે. અમદાવાદમાં એક નિવૃત્ત વ્યક્તિને ઈડી અને સીબીઆઈના નામે બોગસ વોરંટ બતાવીને ૧૦ દિવસ સુધી ડિજિટલ અરેસ્ટ રાખી રૂ. ૧.૨૬ કરોડથી વધુ રકમ પડાવી લેવાઈ હતી. તેવી જ રીતે સુરતમાં પણ એક સિનિયર સિટીઝનને તેમના નામે આવેલા પાર્સલમાં ડ્રગ્સ મળ્યું હોવાનું અને મની લોન્ડરિંગ કેસમાં ફસાવવાની ધમકી આપી રૂ. ૮૦ લાખથી વધુની ઓનલાઈન ઠગાઈ આચરવામાં આવી હતી.

આ પ્રકારની સાયબર વિંગ અને પોલીસ તંત્ર દ્વારા નાગરિકોને સ્પષ્ટ સૂચના આપવામાં આવે છે કે 'ડિજિટલ અરેસ્ટ' જેવો કોઈ કાયદાકીય શબ્દ કે પ્રક્રિયા હોતી નથી. પોલીસ, ઈઇઈ, ઊઉ કે છઇઈ ક્યારેય પણ વીડિયો કોલ પર કોઈને અરેસ્ટ કરતી નથી કે પૈસા ટ્રાન્સફર કરવાનું કહેતી નથી. કોઈ પણ શંકાસ્પદ કે અજાણ્યા કોલ આવે તો ગભરાયા વગર તુરંત જ રાષ્ટ્રીય સાયબર હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર સંપર્ક કરીને ફરિયાદ નોંધાવવી જોઈએ.

### મહિલાની સળગેલી હાલતમાં મળેલી લાશની તપાસમાં મર્ડર મિસ્ટ્રી ઉકેલાઇ

# પ્રેમીએ પ્રેમિકાને ધારીયાથી પતાવી દીધી'તી

## પ્રેમિકાના ફોન પર અજાણ્યાનો વીડિયો કોલ આવતા પ્રેમી ક્રોધિત થઈ તૂટી પડ્યો; પુરાવાનો નાશ કરવા સળગાવી દીધી લાશઃ હત્યારા સામે અગાઉ એક ડઝન ગુના

રાજકોટ તા. ૩૦

વડોદરાના વાઘોડિયા સ્થિત ગુતાલ ગામની સીમમાં ખેતરની ઓરડીમાંથી મળી આવેલી મહિલાની સળગેલી લાશનો મિસ્ટ્રી કેસ પોલીસે ઉકેલી નાખ્યો છે. મોબાઈલ પર આવેલા એક અજાણ્યા વીડિયો કોલના કારણે પ્રેમસંબંધમાં પડેલી તિરાડ હત્યા સુધી પહોંચી ગઈ હતી. રીઢા ગુનેગાર એવા પ્રેમીએ ધારિયાના ઘા મારી પ્રેમિકાની નિર્મમ હત્યા કર્યા બાદ પુરાવાનો નાશ કરવા લાશને ડાંગરના પૂળા સાથે સળગાવી દીધી હતી, જેની પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે ધરપકડ કરી લીધી છે.

વડોદરા જિલ્લાના વાઘોડિયા તાલુકામાં આવેલા ગુતાલ ગામની સીમમાંથી ૨૬ ઓગસ્ટે મળી આવેલી મહિલાની સળગેલી લાશનો ભેદ ઉકેલવામાં પોલીસને સફળતા મળી છે. પ્રેમસંબંધમાં થયેલી તકરાર બાદ પ્રેમીએ જ ધારિયાના ઘા મારીને પ્રેમિકાની નિર્મમ હત્યા કરી હોવાનું સામે આવ્યું છે. પોલીસે રીઢા ગુનેગાર એવા આરોપી પ્રેમીની અટકાયત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

વાઘોડિયાના ગુતાલ ગામની સીમમાં આવેલ જયેશ ભાલીયાના ખેતરની ઓરડીમાંથી ડાંગરના ઘાસના પૂળા વચ્ચેથી એક મહિલાની સળગેલી હાલતમાં લાશ મળી આવી હતી. બનાવ સ્થળેથી પોલીસને પર્સ, ચશ્મા અને ચંપલ પણ મળી આવ્યા હતા. પર્સમાંથી મળેલા આઈડી પ્રૂફના આધારે મૃતકની ઓળખ સાવલી તાલુકાના રહેવાસી લક્ષ્મીબેન રોહિત તરીકે થઈ હતી. લક્ષ્મીબેન ૨૫ ઓગસ્ટે નોકરીની શોધમાં નીકળ્યા બાદ પરત ન ફરતાં તેમના પુત્રએ ભાદરવા પોલીસ સ્ટેશનમાં ગુમ થયાની નોંધ કરાવી હતી.



પોલીસ તપાસ દરમિયાન સીસીટીવી ફૂટેજ મળ્યા હતા, જેમાં લક્ષ્મીબેન એક બાઇક પર પુરુષની પાછળ બેસીને જતા જોવા મળ્યા હતા. પોલીસે બાઇકચાલકની ઓળખ કરી તપાસ કરતા તે વિષ્ણુ મકવાણા હોવાનું ખૂલ્યું હતું. વિષ્ણુની કડક પૂછપરછ કરતાં તેણે જ હત્યા કરી હોવાની કબૂલાત કરી હતી. મૃતક લક્ષ્મીબેન અને વિષ્ણુ મંજુસર પાસે આવેલી કંપનીમાં સાથે નોકરી કરતા હતા અને બંને વચ્ચે પ્રેમસંબંધ હતો, પરંતુ તેમની વચ્ચે વારંવાર તકરાર થતી હતી.

પચ્ચીસમી ઓગસ્ટે બંને જણા ગુતાલ ગામની સીમમાં આવેલી ખેતરની ઓરડીમાં ભેગા થયા હતા. એ સમયે લક્ષ્મીબેનના મોબાઈલ પર કોઈ અજાણી વ્યક્તિનો વીડિયો કોલ આવ્યો હતો. આ બાબતે વિષ્ણુએ પિત્તો ગુમાવ્યો હતો અને ગુસ્સામાં આવીને ધારિયું લઈ લક્ષ્મીબેન પર તૂટી પડ્યો હતો. ધારિયાના ઘા ઝીંકી હત્યા કર્યા બાદ તે ઘટનાસ્થળેથી નાસી છૂટ્યો હતો.

હત્યા કર્યા બાદ પુરાવાનો નાશ કરવાના ઈરાદાથી વિષ્ણુ ૨૬ ઓગસ્ટે ફરીથી ઓરડી પર ગયો હતો. ત્યાં લોહીલુહાણ હાલતમાં પડેલી લાશને ડાંગરના પૂળા મૂકી સળગાવી દીધી હતી અને ત્યારબાદ ત્યાંથી ફરાર થઈ ગયો હતો.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે વિષ્ણુ મકવાણા ગુનાહિત ઇતિહાસ ધરાવે છે. તેની સામે ભૂતકાળમાં બોડેલી, વાઘોડિયા, કિશનવાડી, હરણી, ફતેગંજ, વાડી, જવાહરનગર, ગોત્રી, બાપોદ અને પાણીગેટ સહિતના પોલીસ સ્ટેશનોમાં બાર જેટલા ગુના નોંધાઈ ચૂક્યા છે. પોલીસે આરોપીની વધુ પૂછપરછ યથાવત રાખી હતી.












# ડીજીપી કપ બાસ્કેટબોલ સ્પર્ધા સમાપન

## રાજકોટ શહેર પોલીસ દ્વારા સફળ આયોજન : પુરુષોની ૫ અને મહિલાઓની ૩ ટીમો વચ્ચે ખેલાયો જંગ : ભાવનગર - અમદાવાદની ટીમોએ માર્યું મેદાન

રાજકોટ, તા.૩૦

પોલીસ દળમાં શિસ્ત, શારીરિક ફીટનેસ અને ટીમ સ્પીરીટની ભાવના કેળવાય તે હેતુથી રાજકોટ શહેર પોલીસ દ્વારા ડીજીપી કપ બાસ્કેટબોલ સ્પર્ધા (૨૦૨૬-૨૭) નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધા પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝા તથા અધિક પોલીસ કમિશ્નર ચૈતન્ય મંડલીકના માર્ગદર્શન હેઠળ યોજાઈ હતી. તારીખ ૨૮/૦૮/૨૦૨૬ થી ૩૦/૦૮/૨૦૨૬ સુધી એમ ત્રણ દિવસ માટે રાજકોટ શહેરના પોલીસ હેડક્વાર્ટર ખાતે આવેલા બાસ્કેટબોલ ગ્રાઉન્ડમાં આ સ્પર્ધા રમાઈ હતી. આ આયોજનમાં ગુજરાત રાજ્ય પોલીસ દળની પુરૂષોની કુલ ૦૫ અને મહિલાઓની ૦૩ ટીમોએ હરિફાઈમાં ભાગ લીધો હતો.

પુરૂષ વિભાગની ફાઈનલ મેચ ભાવનગર રેન્જ અને હથીયારી એકમો વચ્ચે રમાઈ હતી, જેમાં ભાવનગર રેન્જે ૬૯-૫૮ ગોલથી શાનદાર જીત મેળવીને ચેમ્પિયન પદ હાંસલ કર્યું હતું. આ વિભાગમાં હથીયારી એકમો રનર્સ અપ અને બનાસકાંઠા રેન્જ તૃતીય સ્થાને રહી હતી. પુરૂષ વિભાગમાં ભાવનગર રેન્જના જય પ્રકાશભાઇ ગોહિલને 'પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ' જાહેર કરવામાં આવ્યા હતા. બીજી તરફ, મહિલા વિભાગમાં લીગ મેચો રમાડવામાં આવી હતી જેમાં અમદાવાદ શહેરની ટીમ ચેમ્પિયન બની હતી. મહિલા વિભાગમાં રાજકોટ શહેર રનર્સ અપ અને રાજકોટ રેન્જ તૃતીય સ્થાને રહી હતી. અમદાવાદ શહેરના અલ્કાબેન જોરસંગભાઇ મહિલા વિભાગમાં 'પ્લેયર ઓફ ધ ટુર્નામેન્ટ' બન્યા હતા.

આ હરીફાઈની કલોઝીંગ સેરેમનીમાં મુખ્ય મહેમાન તરીકે રાજકોટ શહેરના ઇન્ચાર્જ પોલીસ કમિશ્નર ચૈતન્ય મંડલીક ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે નાયબ પોલીસ કમિશ્નર (ટ્રાફિક) ડો. હરપાલસિંહ જાડેજા, નાયબ પોલીસ કમિશ્નર (ક્રાઇમ) જગદીશ બાંગરવા અને નાયબ પોલીસ કમિશ્નર (ઝોન-૦૨) રાકેશ દેસાઇએ પણ હાજરી આપી હતી. આ ઉપરાંત જ્યોતિ સી.એન.સી.ના કૌશીકભાઇ સોલંકી, એહસાસ ટ્રસ્ટના નિશ્ચલભાઇ સંઘવી, પેનિકન રોટોફ્લેક્સ પ્રાઇવેટ લિમિટેડના અમિતભાઇ તેમજ અન્ય એસીપીઓ અને પોલીસ ઇન્સ્પેક્ટરઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

### ઇન્ચાર્જ પોલીસ કમિશ્નરનો પ્રેરણાદાયક

સંદેશ સમાપન સમારોહમાં પોતાના ઉદબોધન દરમિયાન ઇન્ચાર્જ પોલીસ કમિશ્નર ચૈતન્ય મંડલીક સાહેબે તમામ ખેલાડીઓની સખત મહેનત અને ખેલદીલીની પ્રશંસા કરી તેમને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે વિજેતા ટીમોને ભવિષ્યમાં પણ રમત-ગમતમાં આ જ જુસ્સા સાથે રમવા માટે શુભેચ્છાઓ આપી હતી. વધુમાં, આગામી ડીજીપી કપમાં તમામ યુનિટમાંથી વધારે ટીમો અને નવા ખેલાડીઓ ભાગ લે તેમજ ગુજરાત પોલીસના ખેલાડીઓ ઓલ ઇન્ડિયા પોલીસ ગેમ્સ જેવી રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરે તેવી આશા તેમણે વ્યક્ત કરી હતી. આ સમગ્ર સ્પર્ધાને સફળ બનાવવા માટે નોડલ અધિકારી અને મદદનીશ પોલીસ કમિશ્નર એમ.આઇ. પઠાણ સહિત રાજકોટ શહેર પોલીસ ટીમે ભારે જહેમત ઉઠાવી હતી.

### રાજકોટ શહેરમાં કાયદો વ્યવસ્થા જાળવવાની ડ્રાઈવ અંતર્ગત દરોડા

# દારૂ, પીધેલા, છરી સાથે ૨૦ ઝડપાયા

## અલગ અલગ પોલીસ સ્ટેશનો દ્વારા વાહન ચેકીંગ સહિતની કાર્યવાહી કરવામાં આવી



રાજકોટ, તા. ૩૦

શહેરમાં પોલીસે ખાસ ડ્રાઈવ યોજી દારૂ, જાહેરનામા ભંગ અને ગેરકાયદે શસ્ત્ર રાખવાના કેસોમાં લાલ આંખ કરીને કડક કાર્યવાહી હાથ ધરી છે. અલગ-અલગ પોલીસ સ્ટેશન વિસ્તારમાં હાથ ધરાયેલા ચેકિંગ અને દરોડા દરમિયાન કુલ ૨૦ ગુના નોંધવામાં આવ્યા છે.

દેશી દારૂના દરોડામાં પકડાયેલાની માહિતી અનુસારએ-ડિવિઝન વિસ્તારમાં સુભાષ રોડ શાસ્ત્રી મેદાનના ગેટ પાસેથી અમીત ભરતભાઇ ગુજરાતી (રહે. લોહાનગર રામાપીરના મંદીર પાસે, રાજકોટ) ૧૦ લીટર દેશી દારૂ (કિં. રૂ. ૨૦૦૦) સાથે અને વિજયપ્લોટ ગોડાઉન રોડ પરથી પુષ્કરભાઇ અમરસીંગ તીરૂવા (રહે. ન્યુ જાગનાથ શેરી નં-૨૩ કલરવ એપાર્ટમેન્ટ, રાજકોટ) ૨ લીટર દેશી દારૂ (કિં. રૂ. ૪૦૦) સાથે પકડાયા છે. બી-ડિવિઝન પો.સ્ટે. હેઠળ કેશરીપુલ નીચે આજીનદીના પટમાંથી સુનીલભાઈ રાજગોપાલભાઈ પડાચી (રહે. ભગવતીપરા શેરી નં.૧૭ ભગવતીપરા પુલની બાજુમાં, રાજકોટ) ૪ લીટર દેશી દારૂ (કિં. રૂ. ૮૦૦) સાથે ઝબ્બે થયા છે. એરપોર્ટ પો.સ્ટે. પોલીસે જીયાણા ગામથી સૂર્યરામપરા જવાના કાચા રસ્તેથી વિજય રમેશભાઇ વાજેલીયા (રહે. જીયાણા ગામ, તા.જી. રાજકોટ) ને હોન્ડા સાઇન બાઇક પર ૨૫ લીટર દેશી દારૂ (કિં. રૂ. ૫૦૦૦) લઇ જતા કુલ રૂ. ૯૦,૦૦૦ ના મુદ્દામાલ સાથે ઝડપી લીધા છે. આ ઉપરાંત ભક્તિનગર પો.સ્ટે. પોલીસે લલુડી વોંકળી ઝુપડપટ્ટી પાસે શાળા નં-૬૨ ની સામેથી અશ્વિનભાઇ ઉર્ફે ભીખુ રણછોડભાઇ ચુડાસમા (રહે. લલુડી વોકળી આવાસ યોજનાના કવાટરની પાછળ, સોરઠીયાવાડી સર્કલ, રાજકોટ) ને ૫ લીટર દેશી દારૂ (કિં. રૂ. ૧૦૦૦) સાથે, થોરાળા પો.સ્ટે. પોલીસે કુબલીયાપરા શેરી નં.૦૫ માથી મંજુબેન ચંદુભાઈ પરમાર (રહે. કુબલીયાપરા શેરી નં.૫, રાજકોટ)ને ૫ લીટર દેશી દારૂ (કિં. રૂ. ૧૦૦૦) સાથે તેમજ પ્રદ્યુમનનગર પો. સ્ટે. પોલીસે જામનગર રોડ સાંઢીયા પૂલ પાસેથી ડીમ્પલ રમેશભાઈ વાજેલીયા (રહે. ધરમનગર દશામાના મંદીર પાસે, રૈયાધાર, રાજકોટ) ને ૧૫ લીટર દેશી દારૂ (કિં. રૂ. ૩૦૦૦) સાથે ઝડપી લીધા છે.

વિદેશી દારૂ સાથે ઝડપાયેલા શખ્સોની વિગત અનુસાર બી-ડિવિઝન પો.સ્ટે. પોલીસે પેડક રોડ મેલડી માં ના મંદિર સામેથી અમીતભાઈ ગોવિંદભાઈ ચૌહાણ (રહે. ઉધમસિંહ ટાઉનશીપ, ૮૦ ફુટ મેઈન રોડ, રાજકોટ) ને વિદેશી દારૂના ૪ ચપલા (કિં. રૂ. ૧૨૦૦) સાથે પકડી પાડ્યા છે. પ્રદ્યુમનનગર પો.સ્ટે. પોલીસે જામનગર રોડ હુડકો કવાર્ટર શેરી નં.૨ ખાતેથી એઝાઝ સિંકદરભાઇ શેખ (રહે. હુડકો કવાર્ટર શેરી નં.૨, કવાર્ટર નં.૪, જામનગર રોડ, રાજકોટ) ને વિદેશી દારૂની ૧૨ બોટલ (કિં. રૂ. ૩૦૦૦) સાથે ઝડપ્યા છે. રાજકોટ તાલુકા પો.સ્ટે. પોલીસે જીવરાજ પાર્ક પાસે શુભમ ગ્રીન સીટી એપાર્ટમેન્ટ પાસેથી પરીમલભાઇ રાજેશભાઇ ડઢાણીયા (રહે. ગ્રીન સીટી એપાર્ટમેન્ટ, અંબીકા ટાઉનશીપ, રાજકોટ) ને વિદેશી દારૂના ૪ ચપલા (કિં. રૂ. ૪૦૦) સાથે ઝબ્બે કર્યા છે. આજીડેમ પો.સ્ટે. પોલીસે જુનુ સ્વાતી પાર્ક શેરી નં.૦૭ ના ખુણેથી અમિત સુનીલભાઈ પાંડે (રહે. પીપળીયા હોલ પાસે, રામેશ્વર સોસાયટી શેરી નં ૦૬, રાજકોટ) ને વિદેશી દારૂની ૨ કાચની બોટલ (કિં. રૂ. ૨૯૯૪) સાથે પકડી પાડ્યા છે. જ્યારે થોરાળા પો.સ્ટે. વિસ્તારમાં ભાવનગર રોડ અજય વે-બ્રિજ વાળી શેરીમાંથી અજાણ્યો ઇસમ વિદેશી દારૂના ૪૦ ચપલા (કિં. રૂ. ૬૮૦૦) લાકડાની પટ્ટીઓ નીચે સંતાડીને નાસી છૂટ્યો હતો.

કેફી પીણું પીને વાહન ચલાવતા ઝડપાયેલાની વિગત જોઈએ તો એ-ડિવિઝન પોલીસે ફૂલ બજાર ચોક પાસે મોટરસાયકલ પર સર્પાકાર જતા મુળજીભાઇ જેતાજીભાઇ પ્રજાપતી (રહે. સીલ્વર નેસ્ટ સોસાયટી શેરી મે-રોડ, રાજકોટ, મુળ રહે- નવરા સીરોહી, જી.રાજસ્થાન) ને દારૂ પીધેલી હાલતમાં પકડી પાડ્યા છે. થોરાળા પોલીસે ભાવનગર રોડ રાજમોતી મીલ સામેથી નિરંજનભાઇ દેવકુમારભાઇ ચાંદ્રોલીયા (રહે. ખોડલધામ સોસાયટી શેરી નં ૦૫, કુવાડવા રોડ, રાજકોટ)ને પીધેલી હાલતમાં બાઇક ચલાવતા ઝડપી લીધા છે. ગાંધીગ્રામ પો.સ્ટે. પોલીસે છોટુનગર હનુમાન મઢી પાસેથી ભાવેશભાઈ જીતેન્દ્રભાઈ દેસાઈ (રહે. કેવડાવાળી શેરી નં ૦૩, ગુંદાવાળી આગળ કેનાલવાળા રોડ ઉપર, રાજકોટ)ને પીધેલી હાલતમાં બાઇક ચલાવતા પકડ્યા છે. આજીડેમ પો. સ્ટે. પોલીસે આજીડેમ ચોકડી પાસેથી બાબુભાઇ રામાભાઇ વઘેરા (રહે. ઢાંઢીયા ગામ, તા.જી. રાજકોટ) ને પીધેલી -'ઉતમાં બાઇક ચલાવતા પકડી લીધા છે. ગાંધીગ્રામ-૨ (યુનિ.) પો. સ્ટે. પોલીસે રૈયાધાર મફતીયાપરા વંડા પાસેથી ભાણાભાઇ નરશીભાઇ સોલંકી (રહે. કેવલમ આવાસ યોજના કવાર્ટર, પુષ્કરધામ મેઈન રોડ, રાજકોટ) ને કેફી પીણું પીને સર્પાકાર બાઇક ચલાવતા ઝડપ્યા છે. રાજકોટ તાલુકા પો.સ્ટે. પોલીસે મવડી પાળ રોડ લધાબાપા ચોક પાસેથી કુણાલ વિનુભાઇ નંદાણીયા (રહે. મવડી પાળ રોડ, સેલીનીયમ હાઇટની સામે, રાજકોટ)ને પીધેલી હાલતમાં બાઇક ચલાવતા પકડી તેમની સામે પ્રોહિબિશન અને એમ.વી. એક્ટ હેઠળ કાર્યવાહી કરી છે.

છરી અને જાહેરનામા ભંગના કિસ્સા જોઈએ તો થોરાળા પોલીસે ચુનારાવાડ ચોક ભાવનગર રોડ પરથી પોતાના નેફામાં રૂ. ૨૦ ની ગેરકાયદેસર છરી રાખી નીકળેલા સંજયભાઇ કેશુભાઇ ઉઘરેજીયા (રહે. કુબલીયાપરા શેરી નં ૦૫, નવલખી માતાજીના મઢ વાળી શેરી, રાજકોટ) સામે શસ્ત્રબંધી જાહેરનામા ભંગનો ગુનો નોંધ્યો છે. ભક્તિનગર પો.સ્ટે. પોલીસે ૮૦ ફુટ રોડ નાગરિક બેંક વાળી શેરી પાસે જાહેરમાંથી સ્ટેનલેસ સ્ટીલની છરી સાથે રામદાસ બાલકદાસ દાણીધારીયા (રહે. દેવપરા મેઇન રોડ, શાળા નં ૬૩ ની બાજુમાં, રાજકોટ) ને ઝડપી કાયદેસરની કાર્યવાહી કરી છે. આ ઉપરાંત રાજકોટ તાલુકા પો. સ્ટે. પોલીસે ૧૫૦ ફુટ રીંગ રોડ ચંદ્રપાર્ક સોસાયટી શેરી નં.૧૯ ખાતે પોતાના મકાનમાં પરપ્રાંતીય ભાડૂઆત રાખી પોલીસ સ્ટેશનમાં નોંધ ન કરાવી કમિશનરના જાહેરનામાનો ભંગ કરવા બદલ મકાનમાલિક વિજયભાઇ અમૃતભાઇ ગોકાણી (રહે. ચંદ્રપાર્ક સોસાયટી શેરી નં.૧૯, બ્લોક નં. ૩૨૪, રાજકોટ) સામે ગુનો નોંધ્યો છે.

# અલગ-અલગ વિસ્તારોમાંથી પાંચ મહિલાઓ ભેદી રીતે લાપતા

## થોરાળા, ગાંધીગ્રામ, માલવિયાનગર અને રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં વાલીઓએ પોલીસને કરી જાણ




રાજકોટ, તા.૩૦

રાજકોટ શહેરમાં છેલ્લા કેટલાક દિવસોમાં લાપતા થવાના બનાવોમાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. શહેરના જુદા-જુદા પોલીસ મથકોમાં નોંધાયેલી ફરિયાદો મુજબ, થોરાળા, ગાંધીગ્રામ, માલવિયાનગર અને રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી કુલ પાંચ મહિલાઓ અચાનક ગુમ થઈ હોવાની વિગતો પ્રકાશમાં આવી છે. આ તમામ ઘટનાઓમાં પરિજનોની ચિંતા વધી છે અને પોલીસે સઘન તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

થોરાળા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી વિગતો અનુસાર, રાજકોટના ભારતનગર વિસ્તારમાં (અમુલ સર્કલ પાસે) રહેતા ૧૯ વર્ષીય વૈશાલીબેન સન્નાભાઈ સાગઠીયા ગત તારીખ ૨૯ ઓગસ્ટના રોજ સવારે નવેક વાગ્યાના અરસામાં પોતાના ઘરેથી કોઈ કારણોસર નીકળી ગયા બાદ પરત ફર્યા નથી. આ અંગે તેમના માસી જયાબેન જેન્તીભાઈ પરમારે પોલીસને જાણ કરી છે. શારીરિક વર્ણન મુજબ, વૈશાલીબેન રૂપાળો વાન અને પાતળો બાંધો ધરાવે છે. ગુમ થયા સમયે તેમણે કાળા કલરનું ટોપ, જીન્સ પેન્ટ અને લાલ ચુંદડી પહેરેલી હતી. વિશેષ ઓળખ તરીકે તેમના જમણા હાથ પર મોરપીંછ ત્રોફાવેલું છે. હાલ આ મામલે એ.એસ.આઇ. વનીતાબેન બૈરીયા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

ગાંધીગ્રામ વિસ્તારમાંથી એક જ દિવસમાં બે યુવતીઓ ગુમ થવાની ઘટના સામે આવતા ચકચાર મચી છે. પ્રથમ બનાવમાં, જીવરાજ પાર્ક પાસે રહેતા ૨૦ વર્ષીય નિધીબેન હસમુખભાઈ વ્યાસ ગત તારીખ ૨૯મીએ બપોરે ૧૨:૩૦ વાગ્યાની આસપાસ મહિલા કોલેજ સ્વામીનારાયણ મંદિર પાસેથી અચાનક લાપતા થયા છે. મધ્યમ બાંધો ધરાવતા નિધીબેને મરૂન કલરનો ડ્રેસ પહેરેલ છે અને તેમના જમણા હાથ પર અંગ્રેજીમાં 'NIDHI' ત્રોફાવેલ છે. જ્યારે બીજા બનાવમાં, અક્ષરનગર શેરી નં. ૩ માં રહેતા ૧૯ વર્ષીય નમ્રતાબેન મુકેશભાઈ ખાંડેખા તે જ દિવસે વહેલી સવારે ૦૬:૧૫ વાગ્યે પોતાના ઘરેથી ક્યાંક ચાલ્યા ગયા છે. તેમણે બ્લ્યુ કલરનું ટોપ અને બ્લ્યુ જીન્સ પહેરેલું છે, અને તેમની જમણી આંખમાં તલનું નિશાન છે. બંને યુવતીઓના પિતાએ પોલીસમાં જાણ કરતા પોલીસે આગળની શોધખોળ હાથ ધરી છે.

માલવિયાનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતા માયાણીના ક્વાર્ટર (આર્યસમાજની વાડી પાસે) વિસ્તારમાંથી ૪૨ વર્ષીય નિર્મળાબેન કિરણભાઈ ચાવડા ગત ૨૯ તારીખે સવારે ૧૧ વાગ્યાની આસપાસ પોતાના ઘરેથી કોઈને કહ્યા વગર ચાલ્યા ગયા છે. તેમના પતિ કિરણભાઈએ નોંધાવેલી ફરિયાદ મુજબ ગુમ થનાર મહિલાએ કાળા કલરનો ડ્રેસ પહેરેલો છે. આ ઉપરાંત, રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશન હદમાં આવતા વાવડી ગામ (રાધેશ્યામ ગૌશાળા સામે) ખાતેથી ૨૨ વર્ષીય વિલાસ રાજેશભાઈ નિમાવત પોતાના ઘરેથી એકલા ક્યાંક જતા રહ્યા છે. તેમની માતા કિરણબેને આપેલી વિગતો અનુસાર, પાતળો બાંધો ધરાવતા વિલાસના જમણા હાથ પર અંગ્રેજીમાં 'ટશહફત' ત્રોફાવેલું છે.હાલ તમામ પોલીસ સ્ટેશનોના સંબંધિત તપાસ અધિકારીઓ દ્વારા આ ગુમ થયેલ વ્યક્તિઓની શોધખોળ માટે ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

### સરકારે કડક પ્રતિબંધ લાદ્યો : સરકારે બાળકોની શરદી-ફ્લૂની દવાઓ અંગે નવા નિયમો લાગુ કર્યા છે

# કફ સિરપ ૪ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને નુકસાન પહોંચાડી શકે



રાજકોટ, તા. ૩૦

બદલાતા હવામાન સાથે, બીમારીઓ ઘણીવાર ઝડપથી ફેલાય છે, અને બાળકો સૌથી પહેલા તેની અસર પામે છે. આ ઋતુમાં શરદી અને ફ્લૂ સામાન્ય બનતા હોવાથી, માતાપિતા ઘણીવાર તેમના બાળકોને ઘરે પહેલેથી જ રહેલી દવાઓ આપે છે. પરંતુ હવે તેમને એ જાણીને આશ્ચર્ય થશે કે આ ખતરનાક સાબિત થઈ શકે છે. બાળકોની સલામતીને ધ્યાનમાં રાખીને, કેન્દ્ર સરકારે ક્લોરફેનિરામાઇન મેલેટ અને ફેનાઇલફ્રાઇન હાઇડ્રોક્લોરાઇડ ધરાવતી ફિક્સ્ડ-ડોઝ કોમ્બિનેશન (FDC) દવાઓના ઉત્પાદન, વેચાણ અને વિતરણ પર નવા નિયંત્રણો લાદ્યા છે. બાળકોના જીવન બચાવવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો હતો, કારણ કે આવી દવાઓને કારણે ઘણા બાળકોના સ્વાસ્થ્ય બગડવાના અહેવાલો આવ્યા છે. ચાલો આ નવા નિયમ વિશે વધુ જાણીએ.

સરકારે ક્લોરફેનિરામાઇન મેલેટ અને ફેનાઇલફ્રાઇન હાઇડ્રોક્લોરાઇડ ધરાવતી બધી ફિક્સ્ડ-ડોઝ કોમ્બિનેશન દવાઓના ઉત્પાદન, વેચાણ અને વિતરણ પર સંપૂર્ણપણે પ્રતિબંધ મૂક્યો છે. આ બે ઘટકોનો ઉપયોગ સામાન્ય રીતે શરદી, ફ્લૂ અને વહેતું નાક માટેની દવાઓમાં થાય છે. ડોકટરો કહે છે કે શરદીમાં વપરાતા આ ઘટકો નાના બાળકો માટે સ્વાસ્થ્ય માટે જોખમ ઊભું કરી શકે છે, અને નિષ્ણાત સમિતિ માને છે કે નાના બાળકો માટે બજારમાં સલામત દવાઓ ઉપલબ્ધ છે. કંપનીઓએ હવે માતાપિતાને ચેતવણી આપવા માટે લેબલ, પેકેજ અને પ્રમોશનલ સામગ્રી પર આ ચેતવણીઓ સ્પષ્ટ રીતે દર્શાવવી પડશે. આ નિર્ણય અચાનક લેવામાં આવ્યો નથી, પરંતુ નિષ્ણાત સમિતિ અને ડ્રગ્સ ટેકનિકલ એડવાઇઝરી બોર્ડ (DTAB) ની ભલામણોના આધારે લેવામાં આવ્યો છે.

આ પહેલી વાર નથી જ્યારે સરકારે બાળકોની દવાઓ અંગે કડક વલણ અપનાવ્યું છે. અગાઉ, ઓક્ટોબર ૨૦૨૫ માં, કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે બે વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે ઉધરસ સિરપના ઉપયોગ પર પ્રતિબંધ મૂક્યો હતો. મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં ઉધરસ સિરપના સેવનથી ૧૧ બાળકોના મૃત્યુના અહેવાલો પછી આ નિર્ણય લેવામાં આવ્યો હતો. તે સમયે, આરોગ્ય મંત્રાલયે એમ પણ કહ્યું હતું કે સામાન્ય રીતે પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને ઉધરસ સિરપ ન આપવી જોઈએ. આરોગ્ય વિભાગે માતાપિતાને અપીલ કરી છે કે ડોક્ટરની સલાહ લીધા વિના નાના બાળકોને કોઈપણ શરદીની દવા કે ચાસણી ન આપે. હકીકતમાં, નાના બાળકોનું શરીર પુખ્ત વયના લોકો જેટલું મજબૂત નથી, તેથી મજબૂત અસર કરતી દવાઓ તેમના પર પ્રતિકૂળ અસરો કરી શકે છે. એ નોંધવું પણ મહત્વપૂર્ણ છે કે મોટાભાગની શરદી એક થી બે અઠવાડિયામાં જાતે જ દૂર થઈ જાય છે, અને બાળકો દવા વિના સામાન્ય રીતે સ્વસ્થ થઈ શકે છે. તેથી, હળવી શરદીથી ગભરાવાને બદલે, ડોક્ટરની સલાહ લેવી શ્રેષ્ઠ છે.

### અટલ સરોવર નજીક બકરાં ખરીદવાના બહાને વાતચીત કર પથ્થર અને ઢીકાપાટુ વડે ઢોર માર માર્યો

# પશુપાલક પર હુમલો કરી સોનાની ચેન-રોકડની લૂંટ

## એક્ટિવા પર આવેલા બે શખસો સામે ફરિયાદ: ગાંધીગ્રામ-૨ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો



રાજકોટ, તા. ૩૦

શહેરના રેલનગર વિસ્તારમાં ભગતસિંહજી ટાઉનશિપ પાસે અને સાધુ વાસવાણી ક્વાર્ટર પાછળ રહેતા ૪૮ વર્ષીય પૂનાભાઈ ગોવિંદભાઈ આંબલિયા નામના પશુપાલક પર અટલ સરોવર નજીક બે અજાણ્યા યુવકોએ હુમલો કરી લૂંટ ચલાવી હોવાનો સનસનાટીભર્યો બનાવ સામે આવ્યો છે. તારીખ ૨૮/૦૮/૨૦૨૪ ના રોજ સવારે આશરે ૧૧:૦૦ વાગ્યાની આસપાસ પૂનાભાઈ પોતાના ૧૦૦ જેટલા ઘેટા-બકરાં લઈ રેલનગરથી અટલ સરોવર વિસ્તાર તરફ ચરાવવા ગયા હતા.

બપોરે આશરે બે વાગ્યાના સુમારે પૂનાભાઈ પોતાના બકરાંને પાણી પીવડાવી રહ્યા હતા, તે સમયે રસ્તા પર સફેદ રંગના એક્ટિવા સ્કૂટર પર ૨૦ થી ૨૫ વર્ષની વયના બે અજાણ્યા યુવકો આવ્યા હતા. આ યુવકોએ બકરાં ખરીદવાની ઈચ્છા વ્યક્ત કરી પૂનાભાઈ સાથે વાતચીત શરૂ કરી હતી. પૂનાભાઈએ બકરાં વેચવાની સ્પષ્ટ ના પાડતા બંને શખસોએ તેમની સાથે બોલાચાલી શરૂ કરી હતી અને એક શખસે પૂનાભાઈને પકડી રાખ્યા હતા.

ત્યારબાદ બીજા શખસે પૂનાભાઈના ગળામાં પહેરેલી રૂ. ૯૦,૦૦૦ ની કિંમતની ૬ ગ્રામ સોનાની ડોળિયું વાળી કાળી દોરી, ખિસ્સામાં રહેલા રૂ. ૫૦૦ રોકડા અને તેમનો મોબાઇલ ફોન હ આંચકી લીધો હતો. પૂનાભાઈએ પોતાની માલ-મિલકત બચાવવા માટે બુમાબુમ કરતા બંને યુવકોએ તેમને પથ્થર અને ઢીકાપાટુ વડે ઢોર માર માર્યો હતો, જેના કારણે પૂનાભાઈને જમણા ગાલ પર, મોં પર, ડાબા હાથ પર અને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. લૂંટ ચલાવ્યા બાદ બંને આરોપીઓ પોતાના એક્ટિવા પર અટલ સરોવર તરફ ભાગી છૂટ્યા હતા.

બનાવ બાદ ઈજાગ્રસ્ત પૂનાભાઈ ઘરે પહોંચ્યા હતા અને પત્ની તથા કાકા ગોવિંદભાઈને આપવીતી જણાવી હતી. શરીર પર ઈજાઓ વધુ હોવાથી તેમને તાત્કાલિક સારવાર અર્થે સરકારી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલમાં જરૂરી સારવાર લીધા બાદ પૂનાભાઈએ પોતાના પરિવાર અને સમાજના આગેવાનો સાથે ગાંધીગ્રામ-૨ પોલીસ સ્ટેશન પહોંચી બંને અજાણ્યા લૂંટારુઓ સામે લેખિત ફરિયાદ નોંધાવી છે, જેના આધારે પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

## ડીસીબી, ભક્તિનગર, પ્રનગર પોલીસના દરોડામાં પત્તાંપ્રેમીઓ ઝપટે ચડી ગયા

# ત્રણ સ્થળે જુગાર રમતા ૨૬ પત્તાપ્રેમી ઝડપાયા

### ગુંદાવાડીમાં ફ્લેટમાં ચાલતો જુગારનો અખાડો અને દેવપરામાં જાહેરમાં રમાતો તીનપત્તીનો જુગાર ઝડપી પાડતી પોલીસ
### રૂ. ૬૦ હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત : પોપટપરાના જુગારધામ પર દરોડોઃ પાંચ મહિલાઓ સહિત કુલ ૭ ઝડપાયા

રાજકોટ, તા.૩૦

શહેર ડીસીબી પોલીસ અને ભક્તિનગર પોલીસ સ્ટેશન દ્વારા જુગારધામ પર બે અલગ-અલગ દરોડા પાડીને કુલ ૧૯ શખ્સોને રંગેહાથ ઝડપી પાડવામાં આવ્યા છે. દરોડા દરમિયાન પોલીસે જુગારીઓ પાસેથી કુલ રૂ. ૬૦,૮૫૦ ની રોકડ રકમ તથા જુગારનું સાહિત્ય જપ્ત કરી આગળની કાનૂની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રથમ દરોડાની વિગત મુજબ, ડીસીબી પોલીસ સ્ટેશનના પો.હેડ કોન્સ. કરણભાઇ કોઠીવાળને મળેલી બાતમીના આધારે ગુંદાવાડી શેરી નં. ૦૪/૧૪ના ખૂણે આવેલા ગિરીરાજ એપાર્ટમેન્ટના એક ફ્લેટમાં દરોડો પાડવામાં આવ્યો હતો. આરોપી સંજય મનુભાઇ ચાવડા પોતાના કબ્જા ભોગવટાવાળા ફ્લેટમાં બહારથી માણસો બોલાવી, પોતાના અંગત ફાયદા માટે નાલના નાણાં ઉઘરાવી જુગારનો અખાડો ચલાવતો હતો. દરોડા દરમિયાન પોલીસે સ્થળ પરથી સંજય ચાવડા સહિત ૧૩ શખ્સોને ગંજીપત્તા વડે પૈસાની હારજીતનો તીનપત્તીનો જુગાર રમતા ઝડપી લીધા હતા. પોલીસ ટીમે સ્થળ પરથી રોકડા રૂ. ૫૪,૬૦૦ અને ગંજીપત્તાના પાના જપ્ત કરી જુગાર ધારા કલમ-૪, ૫ મુજબ ગુનો નોંધી આગળની તપાસ પીએસઆઇ ડી.પી.ઝાલાએ હાથ ધરી છે.

બીજા દરોડામાં, ભક્તિનગર પોલીસ સ્ટેશનના પો.કોન્સ. નરસંગભાઇ ગઢવીની વિગત મુજબ કોઠારીયા રોડ, દેવપરા, વિવેકાનંદનગર રંગીલા મંદિર પાસે મેઈન રોડ પર જાહેર જગ્યામાં જુગાર રમતા ૬ શખ્સોને ઝડપી પાડવામાં આવ્યા હતા. આરોપીઓ જાહેરમાં ગંજીપત્તા વડે પૈસાની હારજીતનો તીનપત્તીનો જુગાર રમતા મળી આવ્યા હતા. પોલીસે દરોડા દરમિયાન રોકડા રૂ. ૬,૨૫૦ તથા ગંજીપત્તા સાથે આરોપીઓની અટકાયત કરી જુગાર ધારા કલમ-૧૨ મુજબ ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ પો.સબ.ઈન્સ. વી. એમ. બરાડીયા ચલાવી રહ્યા છે.

ઝડપાયેલા આરોપીઓની વિગતો જોઈએ તો ડીસીબીએ દરોડો પાડી ૧૩ શખ્સને પકડયા તેમાં સંજય મનુભાઇ ચાવડા (ધંધો-રી.ડ્રા., રહે. રાજકોટ ગુંદાવાડી શેરી નં.૦૪/૧૪ના ખુણે ગિરીરાજ એપાર્ટમેન્ટ), સત્યેન રાજેંદ્રભાઈ ઠાકર (ધંધો-વેપાર, રહે. રાજકોટ લક્ષ્મીવાડી મે.રોડ હવેલી ચોક), જીજ્ઞેશ થોભણભાઇ ચાવડા (ધંધો-ચાની હોટલ, રહે. રાજકોટ ૮૦ ફુટ રોડ સોરઠીયા વાડી સર્કલ પાસે સત્યમ પાર્ક શેરી મે.રોડ શાંતવિલા એપાર્ટમેન્ટ), નિરવ પ્રવિણભાઇ લીંબાસીયા (ધંધો-ઈમીટેશન મજુરી, રહે. રાજકોટ કુવાડવા રોડ શ્રી રામ પાર્ક શેરી નં.૦૧), મીહીર ઉર્ફે રઘુભાઇ જનકભાઇ ત્રિવેદી (ધંધો-પ્રા.નોકરી, રહે. રાજકોટ પેડક રોડ રણછોડનગર બાલક હનુમાન મંદીર પાસે ખોડીયાર કોમ્પલેક્ષ), નૈમિષ કીરીટભાઇ ડાભી (ધંધો-ગેરેજ, રહે. રાજકોટ ગુંડાવાડી શેરી નં.૧૨ અંકીત પાર્ક એપાર્ટમેન્ટ), લક્ષ્મણ દામોદરદાસ વૈષ્ણવ (ધંધો-સોનીકામ, રહે. રાજકોટ પ્રહલાદ પ્લોટ શેરી નં.૪૩ શાંન્તા એપાર્ટમેન્ટ), વિજય મનુભાઇ ચાવડા (ધંધો-રી.ડ્રા., રહે. રાજકોટ ગુંદાવાડી શેરી નં.૦૪/૧૪ કોર્નર ગિરીરાજ એપાર્ટમેન્ટ), મિલન હસમુખભાઇ ચૌહાણ (ધંધો-પ્રા.નોકરી, રહે. રાજકોટ રૈયા રોડ હનુમાન મઢી પાસે તીરૂપતીનગર શેરી નં.૦૪), ભાવેશ હસુભાઇ કોટક (ધંધો-વેપાર, રહે. રાજકોટ લક્ષ્મીવાડી મે.રોડ હવેલી ચોક), હરેશ કાળુભાઇ રાઠોડ (ધંધો-મજુરી, રહે. રાજકોટ મોરબી રોડ જકાતનાકા પાસે જય જવાય જય કિશાન સોસાયટી મે.રોડ સરકારી સ્કુલ પાસે), મનોજ રમેશભાઇ સોજીત્રા (ધંધો-ઈમીટેશન મજુરી, રહે. રાજકોટ પેડક રોડ પાસે બ્રાહ્મણીપરા શેરી નં.૦૪ ભુવનેશ્વર તીર્થ એપાર્ટમેન્ટ) અને કેતન ગાંડુભાઇ ચાવડા (ધંધો-પ્રા.નોકરી, રહે. રાજકોટ ગુંદાવાડી શેરી નં.૨૩/૦૭નો ખુણો)ને પકડયા હતાં.



ભક્તિનગર પોલીસે દરોડો પડી ૬ શખ્સો પકડયા તેમાં મનિષ બાબુભાઈ પરમાર રીક્ષા. ડ્રા., રહે. વિવેકાનંદનગર રંગીલા મંદિરની સામે રાજકોટ), જીજ્ઞેશ પ્રકાશભાઈ પરમાર (ધંધો-રીક્ષા ડ્રાઈવિંગ, રહે. બાબરીયા કોલોની શેરી નં. ૭ રાજકોટ), શની ઈશ્વરભાઈ વાઘેલા (ધંધો-મજુરી, રહે. નીલકંઠ ટોકીઝ પાસે મધુરમ પાર્ક આર.એમ.સી. ના કવાર્ટર રાજકોટ), કિશન રજનીકાંત મહેતા (ધંધો-મજુરી, રહે. આજીડેમ ચોકડી પાસે માંડાડુંગર માધવ વાટીકા શેરી નં. ૦૧ રાજકોટ), પ્રવિણ પરસોતમભાઈ ભુત (ધંધો-મજુરી, રહે. લલુડી વોંકળી વિકાસ વિધ્યાલયની બાજુમાં રાજકોટ) અને મહેક મહેશભાઈ મારવણીયા (ધંધો-રી.ડ્રા., રહે. જીવરાજપાર્ક શેરી નં. ૦૫ રાજકોટ)નો સમાવેશ થાય છે.

જ્યારે રાજકોટ શહેરના પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશન વિસ્તારના પોપટપરા શેરી નં. ૪ ખાતે આરોપી જય સતીષભાઈ પૂરણીયાના કબજા ભોગવટાવાળા મકાનમાં દરોડો પાડવામાં આવ્યો હતો. અહી મુખ્ય આરોપી જય પૂરણીયા પોતાના મકાનમાં બહારથી માણસો બોલાવી, નાલ ઉઘરાવીને ગંજીપાના વડે પૈસાથી તીનપત્તીનો જુગાર રમાડતો હતો. રેડ દરમિયાન સ્થળ પરથી જુગાર રમવાના ગંજીપાના અને રોકડા ૧૮,૨૭૦/- નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો. પોલીસે સ્થળ પરથી જુગાર રમતા સાતેય આરોપીઓને ઝડપી પાડ્યા હતા.

જેમાં જય સતીષભાઈ પૂરણીયા (ઉ.વ. ૨૬, રહે. પોપટપરા શેરી નં. ૪, રાજકોટ) ૨. અજય ધરમશીભાઈ ધામેચા (ઉ.વ. ૨૬, રહે. નાવાગામ આણંદપર શેરી નં. ૧, રાજકોટ) ૩. ચંદ્રીકાબેન સતીષભાઈ પૂરણીયા (ઉ.વ. ૩૫, રહે. પોપટપરા શેરી નં. ૪, રાજકોટ) ૪. મીનાબેન લાલદાસ ગોંડલીયા (ઉ.વ. ૩૬, રહે. હડાળા ગામ, તા.જી. રાજકોટ) ૫. આશાબેન અશોકભાઈ નાભાણી (ઉ.વ. ૩૭, રહે. રૈયાધાર લાઈટ હાઉસ પાસે, રાજકોટ) ૬. નયનાબેન સુખારામ કાપડી (ઉ.વ. ૩૨, રહે. સરદાર નગર શેરી નં. ૧, એસ્ટ્રોન ચોક પાસે, રાજકોટ) ૭. મનીષાબેન નરેશભાઈ સોના (ઉ.વ. ૩૮, રહે. લાખના બંગલા પાસે, મોરબી રોડ, રાજકોટ)નો સમાવેશ થાય છે. પકડાયેલા આરોપીઓ પૈકી આરોપી નંબર ૩ થી ૭ મહિલાઓ હોવાથી અને બનાવ રાત્રીના સમયનો હોવાથી નિયમોનુસાર રાત્રિ દરમિયાન તેમની અટકાયત કરવામાં આવી ન હતી. આ કેસની વધુ તપાસ પોલીસ સબ ઇન્સ્પેક્ટર એસ. ડી. કોઠીવાર ચલાવી રહ્યા છે.

## ઘોડી પાસાનો જુગાર રમતા ૪ ઝડપાયા

ગાંધીગ્રામ-૨ (યુનિ.) પોલીસ સ્ટેશનની ટીમ પેટ્રોલીંગમાં હતી, ત્યારે જાહેરમાં ઘોડીપાસાનો પૈસાની હાર-જીતનો જુગાર રમી રહેલા કેટલાક શખ્સો વિશે ચોક્કસ બાતમી મળી હતી. પીએસઆઈ આઈ.એ. બેલીમ, હેડ કોન્સ્ટેબલ નિલેશ એમ. વાવેચા, મુન્ના એમ. ઢાપા અને કોન્સ્ટેબલ ઉમંગ જોષીને મળેલી સંયુક્ત ખાનગી બાતમીના આધારે પીઆઈ કે.કે. ગોહીલના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ આઈ.એ. બેલીમ, હેડ કોન્સ્ટેબલ નિલેશ એમ. વાવેચા, મુન્ના એમ. ઢાપા, કિર્તેશ જરિયા, કોન્સ્ટેબલ ઉમંગ જોષી અને ક્રિષ્ના વિ. ગોસાઇ ટીમ બનાવીને દરોડો પાડીને જાહેરમાં જુગાર રમતા ચાર શખ્શોને ઝડપી લીધા હતા. આ કાર્યવાહી દરમિયાન પોલીસે જુગારના સાધનો (બે ઘોડીપાસા) અને રોકડા ૧,૨૬,૨૦૦/- નો કુલ મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ઝડપાયેલા આરોપીઓમાં હનુમાન મઢી ચોક પાસે, મંગલ પાર્ક શેરી નં.૩, માં રહેતો મુકેશ કિશોર સંપત, બિગબજાર પાછળ, ગુલાબ વિહાર સોસાયટી શેરી નં.૪/૫નો ખુણે રહેતો રૂપેશ જગુ ખાચર, પાંજરાપોળ શેરી નં.૬માં રહેતો ગોવિંદ જીવા ખાતરા તેમજ કુવાડવા રોડ, સિધ્ધી વિનાયક પાર્ક શેરી નં.૩માં રહેતા રણજી કાનજી વાઢેરનો સમાવેશ થતો હોવાનું પોલીસે જણાવ્યું હતું. દરોડા દરમિયાન રાજકોટનો કરણ દળુ કાઠી નામનો આરોપી હાલ પકડાયો ન હોવાથી તેની શોધખોળ ચાલુ હોવાનું પોલીસે જણાવ્યું હતું.

### રૈયા રોડ પર ફ્રુટ લેવા નીકળ્યા ને ચીટર ગેંગ કળા કરી ગઇ

# રીક્ષામાં બેસાડી વૃદ્ધાનો ચેઇન સેરવી લીધો

### અજાણી મહિલાઓએ અંદરોઅંદર વાતો કરી કરી સાડી સરખી કરવાના બહાને નજર ચૂકવી; ભાડું લીધા વિના રીક્ષા ચાલક ભાગી છૂટ્યો

રાજકોટ તા. ૩૦

શહેરના રૈયારોડ વિસ્તારમાં ફ્રુટ ખરીદીને ઘરે પરત ફરી રહેલા વૃદ્ધાને ટાર્ગેટ બનાવી સોનાની ચેન ચોરી કરતી રીક્ષા ગેંગ સક્રિય થઈ છે. અજાણી બે મહિલાઓ અને રીક્ષા ચાલકે મુસાફરી દરમિયાન વૃદ્ધાની નજર ચૂકવી ₹૧,૨૦,૦૦૦ ની કિંમતનો સોનાનો ચેન પાર સરી લીધો હોવાની ઘટના સામે આવતા ગાંધીગ્રામ પોલીસ મથકે ગુનો નોંધાયો છે.

વધુ વિગતો જોઈએ તો મીરા નગર-૦૧, ટાઇટેનીયમ બિલ્ડીંગ બાજુમાં રહેતા અને ઘરકામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા વનીતાબેન હસમુખભાઇ જોષી (ઉ.વ. ૬૨) ગત તા.તેરમીના રોજ બપોરના સમયે રૈયારોડ પર ફ્રુટ ખરીદવા ગયા હતા. બપોરે એક વાગ્યાના સુમારે સદભાવના મેડીકલ પાસે ઉભા હતા ત્યારે કાળા હુડ વાળી રીક્ષા આવી હતી. રીક્ષા ચાલકે શેરીના ખૂણા સુધી મૂકી જવાનું કહી વનીતાબેનને બેસાડ્યા હતા.



રીક્ષાની પાછળની સીટમાં પહેલાથી જ એક મોટી ઉંમરની અજાણી મહિલા બેઠી હતી, જ્યારે થોડે આગળ જતાં બીજી મહિલા બેસી ગઈ હતી. આ બંને મહિલાઓ અંદરોઅંદર વાતો કરી વનીતાબેન તરફ ઝૂકતી હતી અને વારંવાર સાડી સરખી કરવાનો ઢોંગ કરતી હતી. શેરીના ખૂણે પહોંચી વનીતાબેને ગળામાં તપાસ કરતા ચેન ગાયબ હતો. તેમણે રીક્ષા રોકાવી તપાસ કરવા કહેતા જ રીક્ષા ચાલકે ''મને મોડું થાય છે'' તેમ કહી ભાડું લીધા વગર જ ગાડી તુરંત હંકારી મૂકી હતી.

આસપાસ રોડ પર શોધખોળ કરવા છતાં ચેન ન મળતા, રીક્ષા ચાલક અને બંને અજાણી સ્ત્રીઓએ નજર ચૂકવી ચોરી કરી હોવાની ખાતરી થતાં વનીતાબેને પોતાના પુત્ર ધર્મેશભાઈના વહુ રોશનીબેન સાથે ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન પહોંચી ફરિયાદ નોંધાવી છે. પોલીસે ત્રણેય અજાણ્યા ઈસમો વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ઊંઘનો અભાવ હાઈ બ્લડ પ્રેશરનું જોખમ વધારી શકે?

### દરરોજ પૂરતી ઊંઘ ન લેવાથી માત્ર થાક અને ચીડિયાપણું જ નહીં પણ લાંબા ગાળે હાઈ બ્લડ પ્રેશરનું જોખમ પણ વધી શકે છે

રાજકોટ, તા.૩૦

આજના ઝડપી જીવનમાં, મોબાઈલ ફોનનો ઉપયોગ કરવો કે મોડી રાત સુધી કામ કરવું એ લોકોના રોજિંદા જીવનનો એક ભાગ બની ગયો છે. આની આપણી ઊંઘ પર મોટી અસર પડે છે. ઘણા લોકો માને છે કે ૫-૬ કલાકની ઊંઘ પૂરતી છે, પરંતુ આ સાચું નથી. સતત ઊંઘનો અભાવ હાઈ બ્લડ પ્રેશર અથવા હાઈ બ્લડ પ્રેશરનું જોખમ વધારી શકે છે. જ્યારે આપણે ગાઢ ઊંઘમાં હોઈએ છીએ, ત્યારે શરીર આરામની સ્થિતિમાં જાય છે. આ સમય દરમિયાન, મગજની પ્રવૃત્તિ ધીમી પડી જાય છે, હૃદયના ધબકારા ઘટે છે અને રક્તવાહિનીઓ આરામ કરે છે. આ હૃદય પરનો ભાર ઘટાડે છે અને બ્લડ પ્રેશર ઘટાડે છે. જો તમે દરરોજ પૂરતી ઊંઘ ન લો, તો તમારું શરીર સતત સતર્ક સ્થિતિમાં રહે છે. આ તણાવ હોર્મોન કોર્ટિસોલનું સ્તર વધારે છે, હૃદયના ધબકારા સામાન્ય કરતા વધારે છે, અને સહાનુભૂતિશીલ નર્વસ સિસ્ટમ સતત સક્રિય રહે છે. આ બ્લડ પ્રેશરને અસર કરે છે અને સમય જતાં હાઈ બ્લડ પ્રેશરનું જોખમ વધારી શકે છે.

જે લોકો નિયમિતપણે ૬ કલાકથી ઓછી ઊંઘ લે છે તેમને હાઈ બ્લડ પ્રેશર થવાનું જોખમ ૩૦ થી ૪૦ ટકા વધી જાય છે. તેઓ કહે છે કે જો નર્વસ સિસ્ટમને પૂરતો આરામ ન મળે, તો માત્ર સારો આહાર સમસ્યાને સંપૂર્ણપણે નિયંત્રિત કરી શકશે નહીં. ઘણા કિસ્સાઓમાં, બ્લડ પ્રેશરની દવાઓની અસરકારકતા મર્યાદિત હોઈ શકે છે, અને બીજા દિવસે સવારે બ્લડ પ્રેશર સામાન્ય કરતા વધારે રહી શકે છે. પૂરતી અને ગુણવત્તાયુક્ત ઊંઘ શરીરને સ્વસ્થ થવા માટે સમય આપે છે. આ સામાન્ય હૃદયના ધબકારા જાળવી રાખે છે, રક્તવાહિનીઓને આરામ આપે છે, તણાવ ઘટાડે છે અને બ્લડ પ્રેશરને નિયંત્રિત કરવામાં મદદ કરે છે. તેથી, હૃદયના સ્વાસ્થ્ય માટે દરરોજ રાત્રે ૮ થી ૯ કલાકની સારી ઊંઘ લેવી જરૂરી છે.



તમે જેટલી ઓછી ઊંઘ લો છો, તેટલું તમારું બ્લડ પ્રેશર વધી શકે છે. જે લોકો છ કલાક કે તેથી ઓછી ઊંઘ લે છે તેઓ બ્લડ પ્રેશરમાં ઝડપથી વધારો અનુભવી શકે છે. જો તમને પહેલાથી જ હાઈ બ્લડ પ્રેશર છે, તો પૂરતી ઊંઘ ન લેવાથી તે વધુ ખરાબ થઈ શકે છે.

નિષ્ણાતો માને છે કે ઊંઘ શરીરને તણાવ અને ચયાપચયને નિયંત્રિત કરવા માટે જરૂરી હોર્મોન્સને સંતુલિત કરવામાં મદદ કરે છે. સમય જતાં, ઊંઘનો અભાવ હોર્મોન સ્તરમાં વધઘટનું કારણ બની શકે છે. આ હોર્મોનલ ફેરફારો હાઈ બ્લડ પ્રેશર અને હૃદય રોગ માટે અન્ય જોખમી પરિબળો તરફ દોરી શકે છે.

વધુ ઊંઘ લઈને ઊંઘના અભાવને ભરપાઈ કરવાનો પ્રયાસ કરશો નહીં. વધુ પડતી ઊંઘ પૂરતી ઊંઘ ન લેવા જેટલી ખરાબ નથી. જો કે, વધુ પડતી ઊંઘ બ્લડ સુગર વધારી શકે છે અને વજનમાં વધારો કરી શકે છે, જે હૃદયના સ્વાસ્થ્યને અસર કરી શકે છે. સારી ઊંઘ મેળવવા માટે તમારા ડોક્ટરની સલાહ લો, ખાસ કરીને જો તમને હાઈ બ્લડ પ્રેશર હોય.

ઊંઘની અછતનું એક સંભવિત કારણ, જે હાઈ બ્લડ પ્રેશર તરફ દોરી શકે છે, તે અવરોધક સ્લીપ એપનિયા છે. આ એક સારવારયોગ્ય સ્થિતિ છે જેના કારણે ઊંઘ દરમિયાન શ્વાસ વારંવાર બંધ અને શરૂ થાય છે. પરિણામે, ઊંઘ હળવી અને શાંત થાય છે. જો તમને આખી રાતની ઊંઘ પછી પણ થાક લાગે છે, ખાસ કરીને જો તમે નસકોરાં બોલો છો, તો તમારા આરોગ્ય સંભાળ વ્યાવસાયિક સાથે વાત કરો. અવરોધક સ્લીપ એપનિયા તેનું કારણ હોઈ શકે છે. અવરોધક સ્લીપ એપનિયા હાઈ બ્લડ પ્રેશર અને અન્ય હૃદય રોગોનું જોખમ વધારી શકે છે.

## હનુમાન મઢી શિવપરામાં જૂની પોલીસ અરજી પાછી ખેંચવા મામલે બાકાઝીકી

# ઘરે આવીને ઓન ધ સ્પોટ ફાયર કરીશ!

### ગાંધીગ્રામ પોલીસ મથકમાં અરજી કરનાર યુવકને ઝઘડો કરી ભૂંડી ગાળો ભાંડી જાનથી મારી નાખવાની ધમકી અપાતાં નોંધાઈ પોલીસ ફરિયાદ

રાજકોટ, તા.૩૦

શહેરના રૈયા રોડ હનુમાન મઢી પાછળ શીવપરા વિસ્તારમાં રહેતા અને ડ્રાઇવિંગનો વ્યવસાય કરતા યુવકને અગાઉ કરેલી પોલીસ અરજી પાછી ખેંચી લેવા બાબતે બે શખસો દ્વારા ફોન પર ભૂંડી ગાળો આપી જાનથી મારી નાખવાની અને ''ઘરે આવીને ઓન ધ સ્પોટ ફાયર કરવાની'' ધમકી આપવામાં આવતા ચકચાર મચી જવા પામી છે. આ મામલે પોલીસે ગુનો નોંધી ધોરણસરની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ફરિયાદની વિગત મુજબ, રાજકોટના શીવપરા મેઇન રોડ, હનુમાનમઢી પાસે રહેતા અને છૂટક બસ ડ્રાઇવિંગનું કામ કરતા હરેશભાઈ નાથાભાઈ મેયડ (ઉ.વ. ૩૫) નામના યુવકે આમ્રપાલી પોલીસ ચોકી ખાતે પોતાની લેખિત ફરિયાદ નોંધાવી છે.

હરેશભાઈના પડોશમાં રહેતા રેખાબેન સાથે તેમને ઓળખાણ હતી. ગત તા. ૧૭/૦૭/૨૦૨૬ના રોજ રેખાબેનના પૂર્વ પતિ જયેશભાઈ પરમારે ઝેરી દવા પી લીધી હોવાની જાણ રેખાબેને ફોન કરીને હરેશભાઈને કરી હતી. જેથી હરેશભાઈએ તેમને તુરંત જ ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી હોસ્પિટલ ખસેડવાની સલાહ આપી હતી.

જોકે, આ બાબતનું મનદુઃખ રાખી જયેશભાઈના સાળા રવિભાઈ કિરીટભાઈ જીવરાજાણી તથા ભાણેજ પીયુષભાઈએ હરેશભાઈ સાથે ફોન પર ઉગ્ર બોલાચાલી કરી હતી. ''તમારા લીધે જ જયેશભાઈએ દવા પીધી છે'' તેવો આક્ષેપ મૂકી બંને શખસોએ હરેશભાઈને ભૂંડી ગાળો ભાંડી ઝઘડો કર્યો હતો.



આ બોલાચાલી અને ગાળાગાળીથી કંટાળીને હરેશભાઈ મેયડે અગાઉ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં રવિભાઈ અને પીયુષભાઈ સામે કાયદેસરની અરજી આપી હતી.

આ અરજી કર્યાના ૪ થી ૫ દિવસ બાદ પીયુષભાઈનો હરેશભાઈ પર ફોન આવ્યો હતો અને અરજી પાછી ખેંચી લેવા દબાણ કર્યું હતું. પીયુષે ફોન પર ધમકી આપતા કહ્યું હતું કે ''તું અરજી પાછી ખેંચી લેજે, જો તું અરજી પાછી નહીં ખેંચે તો મારે કંઈ ફેર નહીં પડે, મારી ઉપર અગાઉના ચાર કેસ બોલે છે.''

ત્યારબાદ રાત્રીના સવા બારેક વાગ્યાના અરસામાં પીયુષભાઈએ ફરીથી હરેશભાઈને ફોન કર્યો હતો અને ઉશ્કેરાઈને ગંભીર ધમકી આપતાં કહ્યું હતું કે ''તું શું કામ ફરીથી મારા વિરુદ્ધ પોલીસ ચોકીએ કહેવા ગયો? તારાથી જે થાય એ કરી લેજે! મારામાં તારા ઘરે આવીને તને મારી નાખું એટલી ત્રેવડ છે... ઓન ધ સ્પોટ તારા ઉપર ફાયર કરીશ.''

જાનથી મારી નાખવાની સીધી ધમકી મળતાં હરેશભાઈ મેયડે પોતાની સલામતી અર્થે રવિભાઈ કિરીટભાઈ જીવરાજાણી (રહે. ભગતસિંહજી ટાઉનશીપ, કાલાવાડ રોડ, રાજકોટ) તથા પીયુષભાઈ સામે આમ્રપાલી પોલીસ ચોકી / ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## છત્તીસગઢ-ઓડિશાના વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી

# ભારે વરસાદનું IMDનું એલર્ટ

### ઉત્તરાખંડમાં ભૂસ્ખલન તો ગઢ-ખડ્માં પૂરનો ખતરો : ઉત્તર પ્રદેશમાં ભારે વરસાદ અને પૂરનું જોખમ : બિહારના ૬ જિલ્લાઓમાં પૂરનું એલર્ટ

નવી દિલ્હી, તા.૩૦

દેશભરમાં ચોમાસું ફરી એકવાર જોર પકડી રહ્યું છે અને હવામાન વિભાગે ૩૧ ઓગસ્ટે ઉત્તરાખંડ, ઉત્તર પ્રદેશ, બિહાર, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, ઓડિશા, છત્તીસગઢ અને મધ્ય પ્રદેશ સહિત દેશના અનેક રાજ્યોમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી વ્યક્ત કરી છે. પૂર્વીય અને મધ્ય ભારતમાં સિસ્ટમ સક્રિય થવાના કારણે ગાજવીજ, વીજળીના કડાકા અને તેજ પવનો ફૂંકાવાની શક્યતા છે, જ્યારે દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે પવનને ધ્યાને રાખી માછીમારોને સાવચેત રહેવા જણાવાયું છે. ઉત્તર પ્રદેશમાં પશ્ચિમી અને પૂર્વીય બંને ભાગોમાં સાર્વત્રિક વરસાદની સંભાવના છે. ખાસ કરીને પૂર્વી ઉત્તર પ્રદેશમાં ભારેથી અતિભારે વરસાદને કારણે સાવચેતી રાખવાની ચેતવણી અપાઈ છે. લખનઉ, મેરઠ, ગાઝિયાબાદ, આગ્રા, કાનપુર, પ્રયાગરાજ, વારાણસી, ગોરખપુર, અયોધ્યા અને સોનભદ્ર સહિતના જિલ્લાઓમાં વાવાઝોડા સાથે વરસાદ પડી શકે છે. લખનઉમાં મહત્તમ તાપમાન ૩૨ ડિગ્રી અને લઘુત્તમ ૨૬ ડિગ્રી સેલ્સિયસ રહેવાનો અંદાજ છે. આ તરફ મહારાજગંજ જિલ્લામાં નારાયણી (ગંડક) નદીનું જળસ્તર ૧.૭૦ લાખ ક્યુસેક પાર પહોંચતાં પૂરનું જોખમ વધી ગયું છે અને તંત્ર એલર્ટ મોડ પર છે.



બિહારના મોટાભાગના વિસ્તારોમાં હળવાથી મધ્યમ અને કેટલાક સ્થળોએ ભારે વરસાદ પડી શકે છે. પટના, મુઝફ્ફરપુર, વૈશાલી, દરભંગા, સમસ્તીપુર, નાલંદા, ભાગલપુર, પૂર્ણિયા અને કિશનગંજ સહિતના વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ અને ગાજવીજ સાથે વરસાદની શક્યતા છે. પટનામાં મહત્તમ તાપમાન ૩૩ ડિગ્રી અને લઘુત્તમ ૨૭ ડિગ્રી સેલ્સિયસ આસપાસ રહેશે. નેપાળમાં ભારે વરસાદ બાદ ગંગા અને ગંડક નદીઓના જળસ્તરમાં વધારો થતાં બિહારના ૬ જિલ્લાઓમાં એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે, જ્યારે પટનામાં ગંગા નદીનો દીઘા ઘાટ ડૂબી જતાં લોકોને નદી કિનારે ન જવાની સલાહ આપવામાં આવી છે.

રાજધાની દિલ્હીમાં વાદળછાયા વાતાવરણ સાથે કેટલાક સ્થળોએ ટૂંકા ગાળા માટે ભારે વરસાદ અને ૫૦ થી ૬૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. તેમ છતાં મોટાભાગના વિસ્તારોમાં ગરમી અને બફારાનો માહોલ રહેશે. દિલ્હીમાં મહત્તમ તાપમાન ૩૫ થી ૩૭ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૫ થી ૨૭ ડિગ્રી સેલ્સિયસ રહેવાની સંભાવના છે. ભારે વરસાદની સ્થિતિમાં રસ્તાઓ પર પાણી ભરાવા અને વાહનવ્યવહાર પ્રભાવિત થવાની શક્યતા રહેશે.

ઉત્તરાખંડના પર્વતીય અને મેદાની વિસ્તારોમાં હવામાન ખરાબ રહેવાની શક્યતા છે. અલમોડા, ચમોલી, રુદ્રપ્રયાગ, પિથોરાગઢ, નૈનીતાલ, હરિદ્વાર, ઋષિકેશ અને ઉત્તરકાશી સહિતના વિસ્તારોમાં ૪૦ થી ૫૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ફૂંકાતા પવન સાથે ભારે વરસાદનું એલર્ટ છે. પહાડી વિસ્તારોમાં ભારે વરસાદના કારણે ભૂસ્ખલન, રસ્તા બંધ થવા અને નદી-નાળાઓનું જળસ્તર વધવાની શક્યતા હોવાથી પ્રવાસીઓને સંવેદનશીલ રસ્તાઓ પર મુસાફરી ટાળવા જણાવાયું છે. દહેરાદૂનમાં મહત્તમ તાપમાન આશરે ૨૭ ડિગ્રી અને લઘુત્તમ ૨૩ ડિગ્રી સેલ્સિયસ રહેશે.

હિમાચલ પ્રદેશમાં શિમલા હવામાન કેન્દ્ર દ્વારા ૩૧ ઓગસ્ટથી ૩ સપ્ટેમ્બર સુધી ભારે વરસાદનું યલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે. રાજ્યમાં ચોમાસા દરમિયાન વરસાદ સંબંધિત ઘટનાઓમાં ૩૦ જૂનથી અત્યાર સુધીમાં આશરે ૧૦૩ લોકોના મોત થયા છે અને અંદાજે ૧,૧૮૪ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે, તેથી પ્રવાસીઓને હાલ યાત્રા મોકૂફ રાખવા ચેતવણી અપાઈ છે.

મધ્ય પ્રદેશમાં સતત ૧૮ કલાક પડેલા ભારે વરસાદના કારણે ચિત્રકૂટ, સતના, છતરપુર, ટીકમગઢ અને પન્ના જિલ્લામાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. ચિત્રકૂટમાં મંદાકિની નદી ૩૦ ફૂટની ઊંચાઈએ વહી રહી હોવાથી તંત્ર દ્વારા એલર્ટ જારી કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી મોહન યાદવ (ખજ્ઞવફક્ષ ઢફમફદ) એ મંદાકિની અને સિહાવલ નદીના કિનારે આવેલા પૂરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈને સ્થિતિની સમીક્ષા કરી છે.

રાજસ્થાનમાં ૩૧ ઓગસ્ટે ઉત્તર ભારતની સરખામણીએ ચોમાસું ઓછું સક્રિય રહેશે અને ભારે વરસાદની કોઈ મોટી ચેતવણી નથી. જયપુર, બિકાનેર, કોટા, ચુરુ, અજમેર, ઉદયપુર, જેસલમેર અને જોધપુર જેવા વિસ્તારોમાં ગરમી અને બફારો યથાવત રહેશે. જયપુરમાં મહત્તમ તાપમાન ૩૩ ડિગ્રી અને લઘુત્તમ ૨૪ ડિગ્રી સેલ્સિયસ રહેવાનો અંદાજ છે, જોકે કેટલાક સ્થળોએ સ્થાનિક વાદળો સર્જાતા હળવા ઝાપટાં પડી શકે છે. છત્તીસગઢ અને ઓડિશાના મોટાભાગના વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. ૩૧ ઓગસ્ટે છત્તીસગઢમાં કેટલાક સ્થળોએ અત્યંત ભારે વરસાદ થવાની શક્યતા છે, જેના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની સમસ્યા ઊભી થઈ શકે છે.

ગંગાના મેદાની વિસ્તારો ધરાવતા પશ્ચિમ બંગાળ, સિક્કિમ અને ઝારખંડમાં ભારે વરસાદની સંભાવના છે. આ ઉપરાંત અસમ, મેઘાલય, અરુણાચલ પ્રદેશ, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરા જેવા પૂર્વોત્તર રાજ્યોમાં પણ આગામી દિવસોમાં મધ્યમથી ભારે વરસાદ ચાલુ રહેવાની હવામાન વિભાગે આગાહી કરી છે.આંધ્ર પ્રદેશ, તમિલનાડુ, પુડુચેરી તેમજ આંદામાન અને નિકોબાર ટાપુઓના કેટલાક ભાગોમાં ૪૦ થી ૫૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની અને ગાજવીજ સાથે વાવાઝોડું આવવાની શક્યતા છે. દરિયામાં કરંટ વધવાની શક્યતા જોતાં સ્થાનિક તંત્ર દ્વારા માછીમારો અને કિનારાના લોકોને સાવચેત રહેવા નિર્દેશ અપાયા છે.

## આતંકવાદનું નવું ડિજિટલ હથિયાર, ગુપ્તચર એજન્સીઓ સતર્ક

# પોર્ન સાઈટ્સ-ડાર્ક એપ્સ દ્વારા કાશ્મીરમાં આતંક ફેલાવવાનું ષડયંત્ર

નવી દિલ્હી, તા.૩૦

પાકિસ્તાનમાં બેઠેલા આતંકી આકાઓ અને ગુપ્તચર એજન્સીઓ ભારતીય સુરક્ષા દળોની નજરથી બચવા માટે હવે સાયબર સ્પેસનો અત્યંત ખતરનાક અને અદ્રશ્ય રીતે ઉપયોગ કરી રહ્યા છે. જમ્મુ-કાશ્મીરમાં સક્રિય સ્લીપર સેલ અને નવા ભરતી કરાયેલા યુવાનો સુધી સૂચનાઓ પહોંચાડવા માટે હવે સોશિયલ મીડિયાના પરંપરાગત માધ્યમોને બદલે પોર્ન વેબસાઇટ્સ અને ગુપ્ત એપ્સનો સહારો લેવામાં આવી રહ્યો છે.

આતંકવાદી સંગઠનો અને પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી ઈંજીંઈં દ્વારા હવે ગુપ્ત સંદેશાવ્યવહાર માટે પોર્નોગ્રાફી વેબસાઇટ્સનો મોટા પાયે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. સુરક્ષા અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ પોર્ન પ્લેટફોર્મ્સ પર રિયલ-ટાઈમ ચેટ ટૂલ્સ ઉપલબ્ધ હોય છે. સામાન્ય રીતે આ ટૂલ્સ આસપાસમાં 'ડેટ' કે પાર્ટનર શોધવામાં મદદ કરવાના નામે કામ કરે છે. પરંતુ, આતંકી હેન્ડલર્સ આ જ સુવિધાનો ઉપયોગ ભારત વિરોધી ગતિવિધિઓ અને પોતાના નેટવર્ક સાથે સંપર્ક સ્થાપિત કરવા માટે કરી રહ્યા છે, જેથી સોશિયલ મીડિયા પર ચાંપતી નજર રાખતી એજન્સીઓને થાપ આપી શકાય.

સુરક્ષા એજન્સીઓએ આતંકીઓ દ્વારા વાપરવામાં આવતા અનેક ખાસ ડિજિટલ ટૂલ્સની તપાસ હાથ ધરી છે. આતંકવાદી હેન્ડલર્સ પોતાની ઓળખ સંપૂર્ણપણે છુપાવવા માટે અત્યાધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી રહ્યા છેઃ આતંકીઓ 'કોટેક્સ' અને 'કોનિયન' જેવી ટોર નેટવર્ક આધારિત મેસેજિંગ એપ્સનો ઉપયોગ કરી રહ્યા છે. આ એપ્સ ડેટાને એન્ક્રિપ્ટેડ નોડ્સ મારફતે મોકલે છે, જેનાથી યુઝરનું લોકેશન કે ઓળખ છતી થતી નથી. સુરક્ષાના કારણોસર ભારતમાં કોનિયનની APK (એન્ડ્રોઇડ પેકેજ કિટ - જેનો ઉપયોગ એન્ડ્રોઇડ એપ્સ ઇન્સ્ટોલ કરવા થાય છે) ફાઇલના એક્સેસ પર પહેલેથી જ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.આ ઉપરાંત, ફ્રાન્સ સ્થિત કેટલીક એવી એપ્સનો પણ ઉપયોગ થઈ રહ્યો છે જે એન્ડ-ટુ-એન્ડ એન્ક્રિપ્ટેડ છે. આ એપ્સની સૌથી મોટી ખાસિયત એ છે કે તેમાં રજીસ્ટ્રેશન માટે કોઈપણ સિમ કાર્ડ કે ફોન નંબરની જરૂર પડતી નથી, જેથી યુઝરને ટ્રેક કરવો લગભગ અશક્ય બની જાય છે.









### મૂનચેટ-એશિયન કનેક્શનઃ રડાર પર વિદેશી પ્લેટફોર્મ્સ

ભારતીય એજન્સીઓ વિયેતનામ આધારિત એપ્સ અને 'મૂનચેટ' (Moonchat) જેવા અનામી પ્લેટફોર્મ્સ પર પણ બાજ નજર રાખી રહી છે. મૂનચેટના કેટલાક વર્ઝન PGP-એન્ક્રિપ્ટેડ હોય છે અને તેમાં પણ પરંપરાગત રજિસ્ટ્રેશનની કોઈ આવશ્યકતા હોતી નથી. આ એપ મૂળ ચીની હોવાની પ્રબળ શંકા છે. આ એપના ઘણા વર્ઝનનો દેખીતો ઉપયોગ આસપાસના સિંગલ લોકોને શોધવા માટે થાય છે, જેની આડમાં આતંકીઓ પોતાનું ખતરનાક નેટવર્ક ચલાવે છે. દેશની ગૂપ્તચર સંસ્થાઓ આવા નેટવર્કથી સતર્કમાં આવી ગઇ છે અને વિશ્વવ્યાપી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

### વર્ચ્યુઅલ સિમ અને પુલવામા હુમલાનું કનેક્શન

તાજેતરમાં સુરક્ષા દળોએ વિદેશી કંપનીઓ દ્વારા પૂરા પાડવામાં આવતા 'વર્ચ્યુઅલ સિમ'ના ઉપયોગને રોકવા માટે એક અભિયાન હાથ ધર્યું હતું, જે દરમિયાન આ નવી ટેકનિક અને રણનીતિનો પર્દાફાશ થયો છે. વર્ચ્યુઅલ સિમ એક એવી ટેકનોલોજી છે જેમાં કમ્પ્યુટર દ્વારા વર્ચ્યુઅલ ફોન નંબર જનરેટ કરવામાં આવે છે. આ નંબરોનો સ્માર્ટફોનમાં ખાસ એપ્સ મારફતે ઉપયોગ થાય છે અને તે પાછળ ખૂબ જ ઓછા ડિજિટલ નિશાન છોડે છે. અત્રે નોંધનીય છે કે, આતંકીઓ દ્વારા વર્ચ્યુઅલ સિમ અને આવા હાઈ-ટેક માધ્યમોના ઉપયોગનો સૌથી પહેલો ખુલાસો ૨૦૧૯ના ભયાનક પુલવામા આતંકી હુમલાની તપાસ દરમિયાન થયો હતો, જે હુમલામાં CRPFના ૪૦ વીર જવાનો શહીદ થયા હતા.

### VPN અને 2G નેટવર્કનો ઘાતક સમન્વય

ભારતમાં અનેક પોર્નોગ્રાફી એપ્સ અને વેબસાઈટ્સ પર કાયદાકીય પ્રતિબંધ છે. તેમ છતાં, આતંકીઓ અને તેમના મદદગારો વર્ચ્યુઅલ પ્રાઈવેટ નેટવર્ક (VPN) મારફતે તેને ગેરકાયદેસર રીતે ડાઉનલોડ કરી રહ્યા છે. ટઙગ ઇન્ટરનેટ પર એક સુરક્ષિત અને એન્ક્રિપ્ટેડ કનેક્શન બનાવે છે, જે યુઝરનું IP એડ્રેસ છુપાવે છે અને ઓનલાઈન ટ્રાફિકને એન્ક્રિપ્ટ કરે છે. આનાથી તેમની ઓનલાઈન પ્રવૃત્તિઓ પર નજર રાખવી ખૂબ મુશ્કેલ બની જાય છે. વધુમાં, આતંકીઓ જાણીજોઈને એવી ખાસ એપ્સની પસંદગી કરે છે જે અત્યંત ધીમી સ્પીડ એટલે કે ૨ઋ અથવા EDGE નેટવર્ક પર પણ સરળતાથી કામ કરી શકે. આનાથી કાશ્મીર ખીણના અંતરિયાળ વિસ્તારોમાં પણ જ્યાં ઇન્ટરનેટ ધીમું હોય, ત્યાં તેઓ સતત સંપર્કમાં રહી શકે છે. આમાંની મોટાભાગની એપ્સમાં રજીસ્ટ્રેશન માટે ફોન નંબર કે ઈમેલની કોઈ જ જરૂર હોતી નથી.